**AVH**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of The Post** | **Administrative Officer, Industries and Mines Class-2** |
| **Advertisement No** | **12/2020-21** |
| **Preliminary Test Held On** | **10-07-2021** |
| **Que. No.** | **001-300 (General Studies & Concern Subject)** |
| **Publish Date** | **13-07-2021** |
| **Last Date to Send Suggestion (S)** | **20-07 -2021** |

# Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet Physically.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. યાદી I ને યાદી II સાથે જોડી નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

| યાદી I (ચલચિત્રો) | યાદી II (વિશેષતા) |
|---|---|
| 1. મનોરમા | (a) પર્યાવરણ અને પ્રકૃતિપ્રેમ વ્યક્ત કરતી મૂંગી ફિલ્મ. |
| 2. કંકુ | (b) પ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ. |
| 3. લીલુડી ધરતી | (c) પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર ફિલ્મ. |
| 4. સાદ | (d) કલાપીની કાવ્યકૃતિ 'હૃદય ત્રિપુટી' પરથી બનેલ ફિલ્મ. |

(A) (1 - d), (2 - c), (3 - b), (4 - a)
(B) (1 - c), (2 - b), (3 - a), (4 - d)
(C) (1 - a), (2 - c), (3 - b), (4 - d)
(D) (1 - b), (2 - a), (3 - d), (4 - c)

002. ૐ કારની ઉપાસના કયા ઉપનિષદમાં થયેલી છે?

(A) કઠોપનિષદ
(B) બૃહદારણ્યક
(C) છાંદોગ્ય
(D) માંડૂક્યોપનિષદ

003. ચિત્રકાર અને તેમની વિશિષ્ટ ઓળખની જોડી પૈકી કઈ જોડી સાચી નથી?

(A) રાયજી – ચંદ્ર ત્રિવેદી
(B) રંગના રાજા – સોમાલાલ શાહ
(C) ધરતીનો ધબકાર – ખોડીદાસ પરમાર
(D) ચકોર – બંસીલાલ વર્મા

004. નરસિંહ મહેતાના જીવનપર મીરાબાઈએ કઈ કવિતા લખી હતી?

(A) 'વૈષ્ણવ જન તો'
(B) નરસિંહ રા માહયરા
(C) પ્રેમલક્ષણા ભક્તિ સમ્રાટ
(D) શામળશાનો વિવાહ

005. ત્રૈલોક્ય મોહનસ્વરૂપની ષોડશભુજ પ્રતિમા તથા ભગવાન વિષ્ણુના ચોવીસ સ્વરૂપોની જોવાલાયક મૂર્તિઓ ધરાવતું રણછોડજીનું મંદિર કયા સ્થળે આવેલું છે?

(A) સુણક (જિ.પાટણ)
(B) દેલમાલ (જિ. મહેસાણા)
(C) વાલમ (જિ.મહેસાણા)
(D) શામળાજી(જિ.અરવલ્લી)

006. ભૂજિયો કિલ્લો કયા રાજા/શાશકએ બંધાવ્યો હતો ?

(A) રાવ ગોંડજી
(B) મહારાવ લખપતસિંહજી
(C) રાવ ખેંગારજી
(D) મહારાણી કુવરબા

007. નીચેના પૈકી કયી જોડી સાચી નથી?

(A) રવેચીનો મેળો – રાપર (કચ્છ)
(B) જખૌનો મેળો – નખત્રાણા પાસે કાકડભીડ (કચ્છ)
(C) ગંગાજીનો મેળો – કચ્છમાં રામપર વેકરા નામના સ્થળે
(D) ઝુંડનો મેળો – ડાકોર (ખેડા)

008. ગીરના માલધારીઓનું પરંપરાગત રહેણાંક કયા નામે ઓળખાય છે?

(A) ખોસરું
(B) ઝાંક
(C) ખોલકું
(D) ભૂંગા

009. ગુજરાતમાં વિવિધ પ્રાંતમાં બોલાતી બોલીના પ્રકાર અને તેના પ્રચલિત શબ્દોની જોડીઓ પૈકીકઈ જોડી સાચી નથી ?

(A) સોરઠી બોલી – પુંગવું, બરકવું.
(B) ઝાલાવાડી બોલી – ચેટલાં, ચ્યાં.
(C) ચરોતરી બોલી – ખેતરોં, માણહો
(D) સુરતી બોલી – ગનપટી, ટપેલી

010. 'હુ તો બસ ફરવા આવ્યો છું, હું કયું એકે કામ તમારું કે મારૂ કરવા આવ્યો છુ?' – આ પંક્તિઓ કયાસાહિત્ય સર્જકની છે?

(A) હરીવલ્લભ ભાયાણી
(B) નિરંજન ભગત
(C) જયંત ખત્રી
(D) શિવકુમાર જોશી

011. સિંધુ સંસ્કૃતિના લોકો ખાસ કરીને કયા વૃક્ષની પૂજા વધુ કરતાં હોવાનું જણાયું છે?

(A) વડ
(B) લીમડો
(C) પીપળો
(D) ચેરી

012. નીચેના સ્થળ/સ્થળો પૈકી કયું/કયા ભીંત ચિત્ર માટે જાણીતાં છે?

1. અજંતાની ગુફાઓ 2. લેપાક્ષીનું મંદિર 3. સાંચિનો સ્તૂપ

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) 1, 2, અને 3
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

013. ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના સુલતાનોના સમયગાળામાં રાજાને વહીવટમાં મદદ કરવા વજીરોનું એક મંડળ રહેતું, જેનો મુખ્ય વડો કયા નામે ઓળખતો હતો ?

(A) હાકેમ
(B) નિઝામુલમુલ્ક
(C) મજલિસ
(D) સમસુદ્દ દુનિયાવદદીન

014. વડોદરા ખાતે વર્તમાનમાં 'ન્યાયમંદિર' તરીકે ઓળખાતો મહેલ વડોદરાના ગાયકવાડી રાજવી સયાજીરાવ ત્રીજાએ કોની યાદમાં બંધાવ્યું હતું ?

(A) રાણી લક્ષ્મીબાઈ
(B) રાણી ચીમનાબાઈ
(C) ખંડેરાવની વિધવા જમનાબાઈ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

015. સોલંકી કાલ (ઇ.સ.942થી 1304) દરમિયાન ગુજરાતનાં અન્ય પ્રદેશમાં આવેલ મુખ્ય સમકાલીનરાજ્યો પૈકીચુડાસમા રાજ્યની રાજધાની અને તેનો પ્રથમ રાજા કોણ હતો ?

(A) પાટડી, (હરપાલદેવ)
(B) માંગરોળ, રાણપુર (સેજકજી)
(C) વંથલી, જુનાગઢ (ગ્રાહરીપુ)
(D) ધૂમલી, (રાણક બાષ્કલદેવ)

016. કનોજના રાજા જયચંદ અને મુહમંદ ઘોરી વચ્ચે થયેલુ યુદ્ધ કયા નામે ઓળખાય છે?

(A) કનોજનું યુદ્ધ
(B) ચંદાવરનું યુદ્ધ
(C) કલિંજરનું યુદ્ધ
(D) તરાઈનું યુદ્ધ

017. ડૉ. આંબેડકરે સ્થાપેલ સંસ્થા "ભારતીય બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રચાર મંડળ"નું, મૂળ સ્થાપના સમયે (20 જુલાઈ 1924) નામ શું હતું ?

(A) બહિષ્કૃત હિતકારણી સભા
(B) ધ બુદ્ધિષ્ઠ સોસાયટી ઓફ ઈન્ડિયા
(C) અખિલ હિન્દ દલિત વર્ગ સંઘ
(D) દલિત સ્વાભિમાન મંચ

018. મુઘલકાલ દરમિયાન સૌરાષ્ટ્રમાં કયા સિક્કાઓનું ચલણ પ્રચલિત હતું ?

(A) 'રાશિ' સિક્કા
(B) સોનાના સિક્કા 'મહોર'
(C) 'કોરી' અને 'મહમૂદી' સિક્કા
(D) તાંબાના સિક્કા 'દામ'

019. અલાઉદ્દીન ખિલજીએ ઉલૂઘખાન અને નુસરતખાનને ગુજરાત ઉપર ચડાઈ કરવા ફોજ લઈને મોકલ્યા, જે ચડાઈનું નિમિત્ત કોણ બન્યું હતું ?

(A) મેવાડના સમરસી રાવળ
(B) મહામાત્ય માધવ
(C) સજ્જન મંત્રી
(D) વાજા વયજલદેવ

020. ગુપ્તવંશનું રાજકીય ચિહ્ન શું હતું ?

(A) ગરુડ (B) નંદી

(C) વેદી (D) ત્રિશુલ

021. અનેકાંતવાદ નીચેનામાંથી કયા ધર્મનું મૂળ સિદ્ધાંત અને દર્શન છે ?

(A) બૌદ્ધ ધર્મ (B) વૈષ્ણવવાદ

(C) જૈન ધર્મ (D) શીખ ધર્મ

022. હર્ષે ઇ.સ. 644માં પ્રયાગમાં છઠ્ઠી મહામોક્ષ પરિષદનું આયોજન કરી પોતાના રાજ્ય વિસ્તારના રાજાઓનું મહાસંમેલન યોજ્યું, તેથી તેમને .......... કહેવામાં આવ્યા છે?

(A) મહારાજ (B) મહાસામંત

(C) ધર્મરાજ (D) મગધરાજ

023. શિવાજીના અષ્ટપ્રધાનમંડળના પ્રધાનો અને તેમને સોંપાયેલ કામગીરીની વહેચણી સૂચવતાં નીચે દર્શાવેલ જોડકાં પૈકી કયું જોડકું સાચું નથી?

(A) અમાત્ય (મજુમદાર) – નાણાકીય બાબતોના પ્રધાન

(B) સચિવ (સૂરનીસ) – રાજ્યના દફતરો ની સંભાળ

(C) સેનાપતિ (સરનોબત) – લશ્કરી વ્યવસ્થા અને રાજ્ય સંરક્ષણની જવાબદારી

(D) મંત્રી (વાક-નવિસ) – પરરાજ્યો સાથે સંધિ-વિગ્રહ અને અન્ય બાબતોમાં સલાહ સૂચન

024. ઇ.સ. 1812-1819 દરમિયાન ખાનદેશ પ્રદેશમાં કોના નેતૃત્વમાં અંગ્રેજો વિરુદ્ધ ભીલ વિદ્રોહ કર્યો હતો?

(A) આદિવાસી નેતા બિરસા મુંડા (B) નાયકડા આદિવાસીઓ

(C) બાજીરાવ બીજા (D) બાજીરાવ બીજા તથા ત્રિમ્બકજી ડાંગલિયા

025. કર્કવૃત્ત કચ્છના કયા ડુંગર પરથી પસાર થાય છે ?

(A) કંથકોટ ડુંગર (B) ધીણોધર ડુંગર

(C) હબા ડુંગર (D) ભૂજીયો ડુંગર

026. ઉત્તર ગુજરાતના મેદાનમાં કેટલેક ઠેકાણે આસપાસના પ્રદેશ કરતાં સહેજ ઊંચાણવાળી ભૂમિ જોવા મળે છે, જેને શું કહે છે?

(A) ટાપુ (B) ટિંબા

(C) ગોઢ (D) બેટ

027. ગુજરાતના કવાંટ અને ડુંગરપાની વિસ્તારમાં થતું કયું ઘાસ 'વા'ના દર્દ માટે ઉત્તમ ઔષધ છે?

(A) બન્ની (B) રોઈસા

(C) સવાના (D) ગુચ્છા

028. ગુજરાતમાં સૂકા પાનખર જંગલો બાબતે નીચે દર્શાવેલ બાબતો પૈકી કઈ બાબત સાચી નથી?

(A) આ જંગલોમાં "વલસાડી સાગ" સૌથી અગત્યનું વૃક્ષ છે.

(B) આ જંગલોમાં સવાના પ્રકારનું ઘાસ જોવા મળે છે.

(C) આ જંગલો 60 થી 120 સે.મી. વરસાદ ધરાવતા પ્રદેશોમાં જોવા મળે છે.

(D) આ જંગલોમાં સાગ, વાંસ, ખેર, બાવળ, શિમળો, ટીમરુ, કેસૂડો, લીમડો વિગેરે વૃક્ષો થાય છે.

029. બનાસ નદીનું ઉદ્દભવ સ્થાન/સ્થળ નીચેના પૈકી કયું છે ?

(A) દાંતા તાલુકાનાં ચોરીના ડુંગરમાંથી

(B) રાજસ્થાનના શિરોહી જિલ્લાના સિરણવાના ડુંગરમાંથી

(C) રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાંથી

(D) ઉદેપુરપાસેના ઢેબર સરોવરમાંથી

030. કેળની એક ખાસ જાત એવી ઈલાયચી કેળનું વાવેતર ગુજરાતમાં ક્યાં થાય છે?

(A) ચોરવાડ (B) બોડેલી

(C) બોરસદ (D) આણંદ

031. નીચેનામાંથી કઈ જોડી ખોટી છે?

| નેશનલ પાર્ક | | સ્થળ |
|---|---|---|
| (A) વાંસદા નેશનલ પાર્ક | – | વાંસદા (નવસારી) |
| (B) ગીર નેશનલ પાર્ક | – | ઉના (ગીર સોમનાથ) |
| (C) મરીન નેશનલ પાર્ક | – | ઓખામંડળ (જામનગર) |
| (D) વેળાવદર નેશનલ પાર્ક | – | વલભીપુર (ભાવનગર) |

032. કચ્છમાં મળતા માયોસીન સમયના સ્તરોકે જ્યાંથી ચુનાના ખડકો મોટા પ્રમાણમાં મળી આવે છે, આ સ્તરો કયા નામે જાણીતા છે?

(A) 'બાઘ' અને 'લામેટા' સ્તર (B) અરવલ્લી સ્તર

(C) દ્વારકા સ્તર (D) 'નરી' અને 'ગાજ' સ્તર

033. કચ્છી, ગોહિલવાડી, ઝાલાવાડી, મહેસાણી અને સુરતી કયા પશુધનની મુખ્ય પાંચ જાત છે?

(A) ગાય (B) ભેંસ

(C) ઘેટા (D) બકરી

034. ઉત્તરપ્રદેશની સૌથી મોટી બહુહેતુક રિહન્દ બંધ યોજનાના પાણીને કયા જળાશયમાં સંગ્રહ કરવામાં આવે છે?

(A) ગોવિંદસાગર સરોવર (B) જવાહર સાગર

(C) ગોવિંદ વલ્લભ પંતસાગર (D) ગાંધી સાગર

035. ભારતમાં કાર્યાન્વિત પરમાણુ ઉર્જા કેન્દ્રો અને તેના સ્થળો પૈકી કયું સાચું નથી ?

(A) રાવત ભાટા – રાજસ્થાન કોટા નજીક (B) કલ્પક્કમ – ચેન્નઈ નજીક તામિલનાડુમાં

(C) નરોરા – ઉત્તરપ્રદેશના બુલંદ શહેર પાસે (D) કૈગા – હિમાચલપ્રદેશના કુલ્લુ જીલ્લામાં

036. સૌરાષ્ટ્રના છેક વાયવ્ય છેડા પર કચ્છના અખાતમાં આંતરરાષ્ટ્રીય વહાણવટાના અતિમહત્ત્વના ગણાતા સુએજ જળમાર્ગપર આવેલું બંદર કયું છે?

(A) સિક્કા (B) પોરબંદર

(C) ઓખા (D) માંડવી

037. 1977 થી 1979 દરમિયાન જનતા સરકાર દ્વારા વિવિધ આયોજન ના પ્રકારો પૈકી કેવા પ્રકારની આયોજનની નીતિ સ્વીકારવામાં આવેલ હતી?

(A) સંરચનાત્મક આયોજન (Structural Planning)

(B) લાંબાગાળાનું આયોજન (Prospective Planning)

(C) ચક્રિય આયોજન (Rolling Plan)

(D) વિકેન્દ્રીકૃત આયોજન (Decentralised Planning)

038. આધુનિક અર્થશાસ્ત્રના પિતા (Father of Modern Economics) તરીકે નીચેના પૈકી કયા અર્થશાસ્ત્રીને ઓળખવામાં આવે છે?

(A) આલ્ફ્રેડ માર્શલ (B) લાયોનલ રોબિન્સ

(C) એડમ સ્મિથ (D) પોલ સેમ્યુલ્સન

039. ચોથી પંચવર્ષીય યોજના દરમિયાનની સિદ્ધિઓ/કામગીરી સંદર્ભે નીચેનાપૈકી કયું વિધાન સાચું નથી?

(A) સ્માઈલિંગ બુદ્ધા નામે પોખરણમાં પરમાણુ ટેસ્ટ કર્યો.

(B) રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ અને રાજ્ય ઈલેક્ટ્રિસિટી બોર્ડની રચના કરવામાં આવી.

(C) 14 બેંકોનું રાષ્ટ્રિયકરણ કરવામાં આવ્યું.

(D) પરિવાર નિયોજન કાર્યક્રમ લાગુ કરવામાં આવ્યો

040. નીતિ આયોગમાં જે તે વિષયના વિશેષજ્ઞ તરીકે નિયુક્ત ત્રણ કાયમી સભ્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) વિવેક દેબરોય (B) વિ.કે. સારસ્વત

(C) પ્રો. રમેશચંદ્ર (D) ડૉ. વિ.કે. પોલ

041. ભારત સરકાર દ્વારા આર્થિક સુધારા 1991 અંતર્ગત કરવામાં આવેલ ખાનગીકૃત એરપોર્ટ પૈકી સૌથી પ્રથમ એરપોર્ટ કયું હતું?

(A) હૈદરાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ (B) કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ

(C) દિલ્હી એરપોર્ટ (D) મુંબઈ એરપોર્ટ

042. આંતરરાષ્ટ્રીય સંસ્થા Financial Action Task Force (FATF) નો હેતુ અને મુખ્યત્વે બે કાર્યો નીચેના પૈકી કયા કયા છે?

1. સામાન્ય પ્રજામાં રોકાણ સંબધિત જાગૃતિ ફેલાવવી.
2. મનીલોન્ડરીંગ અટકાવવું
3. ત્રાસવાદીઓને નાણાં પહોચતા અટકાવવા.
4. સ્ટોક એક્સચેન્જ તથા નાણાકીય સંસ્થાઓનું નિરીક્ષણ તથા ઓડિટ કરવું.

(A) 1 અને 4 (B) 2 અને 3

(C) 3 અને 4 (D) 1 અને 3

043. તાજેતરમાં થયેલ રાષ્ટ્રીયકૃત બેંકોના વિલીનીકરણ અંતર્ગત આંધ્ર બેન્ક અને કોર્પોરેશન બેન્કનું વિલીનીકરણ (મર્જર) કઈ બેન્ક સાથે થયેલ છે?

(A) ઈન્ડીયન બેન્ક (B) પંજાબ નેશનલ બેન્ક

(C) કેનેરા બેન્ક (D) યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા

044. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન (PM-SYM) યોજના સંદર્ભે નીચેના પૈકી કયું/કયા વિધાન સાચું/ સાચા છે?

1. લાભાર્થી આવકવેરો ન ભરતો હોવો જોઈએ.
2. અસંગઠિત ક્ષેત્રના 18થી 40 વર્ષના શ્રમિક નિયત માસિક યોગદાનથી જોડાઈ શકશે
3. 60 વર્ષની વય પછી દર મહિને રૂ. 3,000 પેન્શન મળશે.
4. અસંગઠિત ક્ષેત્રના કામદાર કે જેનીમાસિક આવક રૂ. 25,000 કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

(A) વિધાન 1, 2, 3 (B) વિધાન 2, 3 અને 4

(C) માત્ર 2 અને 3 (D) વિધાન 1, 3 અને 4

045. રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS) કોના દ્વારા સંચાલિત છે?

(A) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (B) ઈન્ડીયન બેન્ક અસોશિએશન

(C) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (D) ભારત સરકાર

046. આસામથી અરુણાચલપ્રદેશને જોડતો, લોહિત નદી ઉપર બાંધવામાં આવેલ ભારતના સૌથી લાંબા પુલનું નામ શું છે?

(A) સિસેરી નદી બ્રિજ (B) મહાત્માગાંધી સેતુ

(C) ભૂપેન હજારીકા પુલ (D) બોગીબીલ બ્રિજ

047. ભારતમાં સૌ પ્રથમ ખેતીની આવકને કરમુક્ત ક્યારે જાહેર કરવામાં આવી?

(A) ઈ.સ. 1875
(B) ઈ.સ. 1886
(C) ઈ.સ. 1891
(D) ઈ.સ. 1875

048. "આત્મનિર્ભર ભારત અભિયાન"નો પ્રથમ લોકપ્રિય ઉલ્લેખ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ક્યારે કરવામાં આવ્યો?

(A) 12 ઓક્ટોબર, 2020 ભારતની કોવિડ-19 રોગચાળો સંબંધિત આર્થિક પેકેજની ઘોષણા સમયે
(B) 12 નવેમ્બર, 2020 ભારતની કોવિડ-19 રોગચાળો સંબંધિત આત્મનિર્ભર ભારત પેકેજની ઘોષણા સમયે
(C) 12 મે, 2020 ભારતની કોવિડ-19 રોગચાળો સંબંધિત આર્થિક પેકેજની ઘોષણા સમયે
(D) ભારતના 2021ના કેન્દ્રિય બજેટના સંબધમાં

049. "બંધારણનું આમુખ આપણાં દીર્ઘકાલીન સપનાઓ કે વિચારોને અભિવ્યક્ત કરે છે." - આ વિધાન કોના દ્વારા કહેવાયું છે?

(A) કનૈયાલાલ મુનશી
(B) પંડિત ઠાકુરદાસ ભાર્ગવ
(C) એન. એ. પાલખીવાલા
(D) સર અલ્લાદી ક્રિષ્નાસ્વામી અય્યર

050. ભારતીય બંધારણ ની કલમ 51 A અંતર્ગતની મૂળભૂત ફરજોમાં નીચેના પૈકી કઈ બાબત સમાવિષ્ટ નથી?

(A) સાર્વજનિક સંપત્તિની સુરક્ષા તથા હિંસાનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ.
(B) સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા જાળવી રાખવા.
(C) બિનસાંપ્રદાયિકતા જાળવવી.
(D) સંવિધાન તથા તેના આદર્શોનો આદર કરવો.

051. નાગરિક દ્વારા મૂળભૂત અધિકારોનું રક્ષણ શી રીતે થઈ શકે?

(A) સર્વોચ્ચ ન્યાયાલયનો સંપર્ક કરી તેના દ્વારા ઉચિત પરમાદેશ (WRITS) જે તે સક્ષમ સત્તા પ્રત્યે જારી કરાવીને.
(B) વિધાનસભા દ્વારા ન્યાયાલયને માહિતગાર કરાવીને.
(C) મૂળભૂત અધિકારો આપમેળે રક્ષિત છે.
(D) મૂળભૂત અધિકારોમાં સંસદ દ્વારા સુધારા સૂચવીને.

052. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના પ્રવર્તમાન અધ્યક્ષ કોણ છે ?

(A) આદર્શકુમાર ગોયલ
(B) લોકેશ્વરસિંહ પંત
(C) સ્વતંત્ર કુમાર
(D) સંજય કિશન કૌલ

053. તાજેતરમાં ડિપાર્ટમેંટ ઓફ પર્સોનેલ અને ટ્રેનિંગ (DOPT-RTI એક્ટની નોડલ એજન્સી) દ્વારા મુખ્ય માહિતી કમિશનર અને માહિતી કમિશનરનો કાર્યકાળ કેટલો નિશ્ચિત કરાયેલ છે?

(A) પાંચ વર્ષ
(B) 3(ત્રણ) વર્ષ અથવા 70 વર્ષ, બેમાંથી જે વહેલું પુરુ થાય તે
(C) ત્રણ વર્ષ
(D) 4(ચાર) વર્ષ અથવા 65 વર્ષ, બેમાંથી જે વહેલું પુરુ થાય તે

054. ભારતના સર્વોચ્ચ ન્યાયાલયનું મુખ્ય સૂત્ર શું છે?

(A) સત્યમેવ જયતે
(B) યતો ધર્મસ્તતો જય
(C) તમસો મા જ્યોતિર્ગમય
(D) બહુજન હિતાય બહુજન સુખાય

055. ભારતીય સંસદીય સમિતિઓ અને તેની સભ્ય સંખ્યા પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી સમિતિ – કુલ 22 (લોકસભા 15, રાજ્યસભા 07)
(B) અ.જા. અને અ.જ.જા. કલ્યાણ સમિતિ – કુલ 30 (લોકસભા 20, રાજ્યસભા 10)
(C) સંયુક્ત પ્રવર સમિતિ – કુલ 45 (લોકસભા 30, રાજ્યસભા 15)
(D) વિશેષાધિકાર સમિતિ – કુલ 22 (લોકસભા 15, રાજ્યસભા 07)

056. ભારતના બંધારણના કયા અનુચ્છેદ માં ''ગૌહત્યા'' પર પ્રતિબંધની જોગવાઈ છે?

(A) અનુચ્છેદ-47 (B) અનુચ્છેદ-48 A

(C) અનુચ્છેદ-46 (D) અનુચ્છેદ-48

057. ભારતનું ચૂંટણીપંચ કોની ચૂંટણીઓ નું નિયંત્રણ અને નિયમન કરતું નથી?

(A) લોકસભા, રાજ્યસભા (B) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ

(C) જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત (D) વિધાનસભા, વિધાન પરિષદ

058. લોકસભા અથવા વિધાનસભાની ચુંટણીમાં ઉમેદવારની ડિપોઝિટ રાશિ (અનામત) ક્યારે જપ્ત કરાય છે?

(A) જ્યારે ઉમેદવાર ચૂંટણી જીતવામાં સફળ રહે.

(B) જ્યારે કુલ મતદાનના 1/4 મત પ્રાપ્ત કરી શકે.

(C) જ્યારે કુલ મતદાનના 1/5 મત પણ પ્રાપ્ત ન કરી શકે.

(D) જ્યારે કુલ મતદાનના 1/6 મત પણ પ્રાપ્ત ન કરી શકે.

059. ભારત સરકાર અધિનિયમ 1919 અંતર્ગત ઈ.સ. 1926માં જાહેરસેવા આયોગની સ્થાપના કરવામાં આવી હતી, જેના સૌ પ્રથમ અધ્યક્ષ કોણ હતા?

(A) શ્રી એચ. કે. કૃપલાણી (B) લોર્ડ લિટન

(C) સર રોઝ બાર્કર (D) સત્યેન્દ્રનાથ ટાગોર

060. નિયંત્રક તથા મહાલેખાકાર (CAG)ની ફરજોમાં કઈ બાબત સમાવિષ્ટ થતીનથી?

(A) રાષ્ટ્રપતિ તથા સરકારને અહેવાલો સુપ્રત કરવા

(B) એ બાબત સુનિશ્ચિત કરવી કે વિધાનસભા દ્વારા ફાળવાયેલ નાણાં તેના યોગ્ય હેડ અંતર્ગત જ વપરાય.

(C) ખર્ચ થતાં પૂર્વે તેનું ઔચિત્ય નક્કી કરવું.

(D) કેન્દ્ર અને રાજ્ય પાસેથી અનુદાન મળતું હોય તેવી બધીજ સંસ્થાનું ઓડિટ કરશે.

061. ભારતના નાણાંપંચ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી

(A) નાણાંપંચમાં એક અધ્યક્ષ અને 5 અન્ય સભ્યોની નિમણૂક થાય છે.

(B) નાણાપંચની રચના બંધારણના અનુચ્છેદ 280 અનુસાર કરવામાં આવે છે.

(C) નાણાપંચની રચના રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષે અથવા તે પહેલા જરૂર જણાયે કરશે.

(D) 15મા નાણાપંચ ના અધ્યક્ષ નંદકિશોર સિંઘ છે

062. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પૈકી કયા ગાંધીવાદી સિદ્ધાંતો કહેવામાં આવે છે?

1. સમાન ન્યાય અને મફત કાનૂની સહાય
2. સહકારી સમિતિઓને પ્રોત્સાહન
3. ગૌહત્યા પર પ્રતિબંધ
4. સ્વાસ્થ્યને નુકશાનકર્તા નશીલા પીણાં અને દવાઓના ઉપયોગ પર પ્રતિબંધ

(A) માત્ર 3 અને 4 (B) માત્ર 1 અને 2

(C) 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

063. બે સંખ્યાઓનો તફાવત 1365 છે, જ્યારે મોટી સંખ્યાને નાની સંખ્યા વડે ભાગતાં ભાગફળ (QUOTIENT) 6 મળે છે અને 15 શેષ રહે છે, તો નાની સંખ્યા કઈ હશે?

(A) 240 (B) 270

(C) 295 (D) 360

064. 30ના વર્ગથી મળતી સંખ્યામાંથી 15ના વર્ગથી મળતી સંખ્યા બાદ કરતાં કઈ સંખ્યા મળે?

(A) 885 (B) 765

(C) 685 (D) 675

065. એક જંગલમાં કેટલાક પોપટ અને કેટલાક વાઘ છે. જો જંગલમાં કુલ પશુપક્ષીઓના માથાની સંખ્યા 858 થાય છે, પશુ પંખીના કુલ પગની સંખ્યા 1846 થાય છે તો જંગલમાં પોપટની સંખ્યા કેટલી હશે?

(A) 800 (B) 833

(C) 845 (D) 793

066. બે સંખ્યાઓનો લ.સા.અ. તેમના ગુ.સા.અ કરતાં 17 ગણો છે. જો તેમના લ.સા.અ. તથા ગુ.સા.અ નો સરવાળો 540 હોય. અને એક સંખ્યા 180 હોય તો બીજી સંખ્યા કઈ હશે?

(A) 130 (B) 85

(C) 40 (D) 103

067. એક વર્ગખંડમાં 80 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15 છે, વર્ગમાં 15 વિદ્યાર્થીઓના એક ગ્રુપની સરેરાશ ઉંમર 16 છે અને બીજા 25 વિદ્યાર્થીઓના ગ્રુપની સરેરાશ ઉંમર 14 છે, તો બાકી રહેતા વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર કેટલી હશે?

(A) 14 (B) 14.75

(C) 15.25 (D) 15

068. પુત્રની હાલની ઉંમર તેની માતાની ઉંમરથી અડધી છે દસ વર્ષ પહેલા માતાની ઉંમર પુત્રની ઉંમરથી ત્રણ ગણી હોય તો, પુત્રની હાલની ઉંમર કેટલી હશે?

(A) 20 વર્ષ (B) 25 વર્ષ

(C) 30 વર્ષ (D) 40 વર્ષ

069. એક કોલેજની ચૂંટણીમાં બે ઉમેદવારો પૈકી એક ઉમેદવાર કુલ માન્ય/વેલીડ મતોના 55% મત મેળવે છે. કુલ મતદાનના 15% મત અમાન્ય મત હતા, જો કુલ મતદાન 15200 થયું હતું તો બીજા ઉમેદવારે મેળવેલ માન્ય મતોની સંખ્યા કેટલી હશે?

(A) 5814 (B) 6840

(C) 7106 (D) 8360

070. 'એ' અને 'બી' ના પગારનો ગુણોત્તર અનુક્રમે 9:4 છે. જ્યારે 'એ' નો પગાર 15% વધે છે ત્યારે પગાર રૂા. 5175 થાય છે તો 'બી' નો પગાર કેટલો?

(A) રૂા. 2000 (B) રૂા. 2500

(C) રૂા. 4000 (D) રૂા. 4500

071. એક ઉત્પાદક એક વસ્તુ હોલસેલ ડિલરને 20% નફાથી વેચાણ કરે છે અને હોલસેલ ડીલર, રિટેઇલ વેપારીને 5% ખોટથી વેચે છે, તો તેને પરિણામે નફો કે નુકશાન કેટલા ટકા થશે?

(A) 12% ખોટ (B) 12% નફો

(C) 14% ખોટ (D) 14% નફો

072. 11.71 – 0.86 + 1.78 – 9.20 = __?__

(A) 2.43 (B) 3.13

(C) 3.43 (D) 4.13

073. જો સાદુ વ્યાજ 6 (છ) વર્ષના સમય માટે મુદલ રકમના 30% થાય છે, તો મુદ્દલ રકમની બરાબર વ્યાજ કેટલા વર્ષે થશે?

(A) 10 વર્ષ (B) 20 વર્ષ

(C) 22 વર્ષ (D) 30 વર્ષ

074. એક રેલગાડી 50 મીટર લાંબા પ્લૅટફૉર્મને 14 સેકંડમાં પસાર કરી લે છે. અને પ્લેટફોર્મ પર ઊભેલી વ્યક્તિને 10 સેકંડમાં પસાર કરી લે છે તો રેલગાડી ની ઝડપ શું હશે?

(A) 24 કિ.મી./કલાક
(B) 36 કિ.મી./કલાક
(C) 40 કિ.મી./કલાક
(D) 45 કિ.મી./કલાક

075. X, Y, અને Z એક કામ 6 (છ) દિવસમાં પૂરૂં કરી શકે છે. X અથવા Y એકલો આ જ કામ 16 દિવસમાં પૂરૂં કરી શકે છે. તો Z એકલો આ કામ કેટલા દિવસમાં પૂરૂં કરી શકે?

(A) 12 દિવસ
(B) 16 દિવસ
(C) 24 દિવસ
(D) 36 દિવસ

076. REMEMBERING શબ્દમાંથી નીચે આપેલા વિકલ્પોમાંથી કયો એક શબ્દ બનશે ?

(A) NEGRO
(0B) AGREE
(C) RAIN
(D) GREEN

077. અસ્થિસર્જન, હૃદય અને સ્નાયુની કાર્યક્ષમતા અને રક્તગઠન માટે જરૂરી ઘટક કયો છે?

(A) કેલ્શિયમ
(B) લોહતત્ત્વ
(C) કાર્બોદિત પદાર્થો
(D) પ્રોટીન

078. કેટલા વેગને 'પલાયન વેગ' કહેવામા આવે છે?

(A) 3000 કિ.મી./કલાક
(B) 4000 કિ.મી./કલાક
(C) 1000 કિ.મી./કલાક
(D) 5000 કિ.મી./કલાક

079. સૂર્યની પરિક્રમણ અવધિને .......... વર્ષ તરીકે ઓળખવામાં આવે છે.

(A) પ્રકાશ વર્ષ
(B) કોસ્મિક વર્ષ
(C) ખગોળીય વર્ષ
(D) ક્રાંતિવૃત્ત

080. નીચે દર્શવેલ શાસ્ત્રઅનેકર્તાઓની જોડી પૈકી કઈ જોડી સાચી નથી?

(A) અષ્ટાંગ સંગ્રહ – વાગ્ભટ
(B) ચિકિત્સા સંગ્રહ – ચક્રપાણિદત્ત
(C) વૃક્ષ આયુર્વેદ – પારાશર
(D) કાલ ગણના – બ્રાહ્મવ્ય પાંચાલ

081. મંગળના ઉપગ્રહો કયા કયા છે ?

(A) ટ્રીટોન અને નેરિક
(B) ફોબોસ અને ડેમોસ
(C) સિરિસ અને ચંદ્ર
(D) ઉપગ્રહ નથી

082. 'CSMCRI' નું પૂરું નામ નીચેના પૈકી જણાવો.

(A) સેન્ટર ફોર સાયન્સ ઓફ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ
(B) સેન્ટ્રલ સાયન્સ મરીન કમ્પોનંટ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ
(C) સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ
(D) સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કમ્પોનંટ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ

083. સોલર ઇમ્પલ્સ-2 સૌર ઉર્જા પ્લેન કયા દેશનું સૌર પ્લેન છે ?

(A) જાપાન
(B) UAE (સંયુક્ત આરબ અમીરાત)
(C) સ્વિત્ઝરલેન્ડ
(D) નૉર્વે

084. ઉપગ્રહ 'સત્યભામા સેટ' નો મૂળ ઉદ્દેશ શું છે?

(A) ગ્રીન હાઉસ ગેસનો અભ્યાસ કરવો અને દેખરેખ રાખવી.

(B) ઓઝોન સ્તરની દેખરેખ રાખવી.

(C) ધ્રુવીય પ્રદેશમાં પીગળતા બરફનો ખ્યાલ મેળવવો.

(D) બંગાળની ખાડી તથા અરબસાગરમાં ઉઠતા તોફાનો અંગેની દેખરેખ રાખવી.

085. ભારતની ડિફેન્સ શીલ્ડ સિસ્ટમમાં વાપરવામાં આવેલી રડાર સિસ્ટમનું નામ શું છે?

(A) ગ્રીનપાઈન સિસ્ટમ
(B) સોર્ડફિશ રડાર સિસ્ટમ
(C) દિવ્યચક્ષુ
(D) ત્રિનેત્ર રડાર સિસ્ટમ

086. પંજાબના પઠાણકોટમાં જાન્યુઆરી 2016માં થયેલ આતંકી હુમલાને નાકામ બનાવવા માટે એન.એસ.જી. કમાન્ડો દ્વારા કયું અભિયાન ચલાવવામાં આવ્યું હતું ?

(A) ઓપરેશન ક્લીનબોલ્ડ
(B) ઓપરેશન વ્હાઈટવોશ
(C) ઓપરેશન ધંગુ
(D) ઓપરેશન પી. કે. (PK)

087. ભારત સરકારની 'સૌભાગ્ય યોજના'નો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) વિદ્યુતની બચત અને પર્યાવરણનું સંરક્ષણ

(B) ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરવો

(C) વિદ્યુત વિતરણ કંપનીઓને નાણાકીય સહાય આપી ઋણમુક્ત કરવી.

(D) દેશભરમાં વિદ્યુતથી વંચિત દરેક ઘરને વિદ્યુતિકરણ પુરૂ પાડવાનો

088. આ પોર્ટલનો વિકાસ નાબાર્ડ દ્વારા કરવામાં આવ્યો છે, જેના માધ્યમથી સબસિડી તથા ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફરમાં પારદર્શિતા લાવવાનો પ્રયાસ થશે, તે પોર્ટલ કયું છે ?

(A) પૈસા (PAISA) પોર્ટલ
(B) ENSURE PORTAL
(C) ASK DISHA (આસ્ક દિશા)
(D) ડિજિટલ સ્કાય પોર્ટલ

089. વર્ષ 2021નું ગુજરાત સરકારનું કેલેન્ડર કઈ થીમ (વિષય વસ્તુ) આધારિત તૈયાર કરવામાં આવેલું છે?

(A) 'ગુજરાત નહી દેખા તો કુછ નહીં દેખા'
(B) સહેલાણીઓનું સ્વર્ગ ગુજરાત
(C) ગૌરવવંતી ગરવી ગુજરાત
(D) ટુરિઝમ સ્ટેટ - ગુજરાત

090. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવાર્ડ 2021 માં 'સ્પોર્ટ્સમેન ઓફ ધ યર' કોને મળ્યો છે?

(A) શ્રી રોનાલ્ડો
(B) શ્રી બિલ જીન કિંગ
(C) શ્રી રાફેલ નડાલ
(D) શ્રી એફ સી બાયર્ન

091. ભારતના લોકપાલના લોગો માટે કોના દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ લોગો પસંદ કરવામાં આવ્યો છે?

(A) પ્રશાંત મિશ્રા
(B) અક્ષર પાઠક
(C) ગોપીનાથ પ્રસન્ના
(D) મધુકર બી રાજુ

092. પદ્મશ્રી ઍવોર્ડ 2021 વિજેતા સુશ્રી પી. અનિતા કઈ રમત સાથે સંકળાયેલ છે?

(A) બાસ્કેટ બોલ
(B) પર્વતા રોહણ
(C) ટ્રેક એન્ડ ફિલ્ડ
(D) ટેબલ ટેનિસ

093. વર્ષ 2020 દરમિયાન મંગળ મિશન વિવિધ દેશો દ્વારા શરૂ કરવામાં આવેલ છે, જેમાં નીચેના પૈકી કયા દેશનો સમાવેશ થતો નથી?

(A) ચીન
(B) યુ.એસ.એ. (USA)
(C) યુ.એ.ઈ. (UAE)
(D) ફ્રાન્સ

094. સમગ્ર વિશ્વમાં આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવા 'વિશ્વ આરોગ્ય દિવસ'ની ઉજવણી તરીકે કયો દિવસ ઉજવાય છે?

(A) 5 એપ્રિલ
(B) 8 એપ્રિલ
(C) 7 એપ્રિલ
(D) 17 એપ્રિલ

095. તાજેતરમાં નંદાદેવી ગ્લેશિયર તૂટતાં કયો હાઈડ્રોપ્રોજેકટ સંપૂર્ણપણે પૂર અને કાટમાળના પ્રવાહમાં તણાઈ ગયો હતો?

(A) મંદાકિની હાઈડ્રોપ્રોજેકટ
(B) અલકનંદા હાઈડ્રોપ્રોજેકટ
(C) ઋષિગંગા હાઈડ્રોપ્રોજેકટ
(D) ધૌલીગંગા હાઈડ્રોપ્રોજેકટ

096. તાજેતરમાં ભારત અને કિર્ગિસ્તાન વચ્ચે યુદ્ધ અભ્યાસ(સંયુક્ત લશ્કરી કવાયત) યોજાઈ હતી, જે કયા નામે યોજાયેલ હતી?

(A) વરુણ
(B) ઈસ્ટર્ન બ્રિજ
(C) ખંજર
(D) અલ નજાહ

097. બેસ્ટ ફિલ્મ તરીકેનો ઓસ્કાર 2021 એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો હતો?

(A) પેરેસાઈટ
(B) સોલ
(C) નોમાડલેન્ડ
(D) પીરિયડ એન્ડ ઓફ સેન્ટેન્સ

098. મિનિમમ સપોર્ટ પ્રાઈસ (MSP) સ્કીમ અંતર્ગત તાજેતરમાં કેટલા માઈનોર ફોરેસ્ટ પ્રોડ્યુસ ઉત્પાદનોનો સમાવેશ કરવા કેન્દ્ર સરકારે મંજૂરી આપેલ છે?

(A) 12
(B) 13
(C) 15
(D) 14

099. સંવેદના (SAMVEDANA) શું છે ?

(A) કોવિડ 19 સંક્રમિત બાળકો માટેની હેલ્પ લાઈન
(B) 'આયુષ ઘર દ્વાર' માટેનો કાર્યક્રમ
(C) CBSC એ શરૂ કરેલ માનસિક તંદુરસ્તી માટે મોબાઈલ એપ્લીકેશન
(D) 'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત' અભિયાન

100. તાજેતરમાં 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક 2021'રિપોર્ટ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે?

(A) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેંટ પ્રોગ્રામ (UNEP)
(B) યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)
(C) યુનાઈટેડ નેશન્સ રીજનલ ઈકોનોમિક કમિશન્સ
(D) ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)

101. રાજ્યમાં જુદી જુદી સેવા અને જગ્યાનો ખ્યાલ કયા નિયમોમાં વ્યાખ્યાયિત થયેલો છે ?

(A) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002
(B) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002
(C) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967
(D) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, 2002

102. રાજ્ય સેવામાંની કોઈ સેવા અથવા જગા કે જેના સંબંધમાં ઠરાવેલી વય-મર્યાદા ચાલીસ વર્ષથી વધતી હોય તો, અનામત વર્ગના ઉમેદવારોની તરફેણમાં વયમર્યાદા વધુમાં વધુ .......... વર્ષ સુધી હળવી કરી શકાશે, જેથી કરીને સેવામાં પ્રવેશ માટેની વયમર્યાદા .......... વર્ષથી વધુ ન થાય.

(A) 3, 42
(B) 5, 50
(C) 5, 55
(D) 5, 45

103. ગુજરાત સરકારની સેવામાં હોય તેવો ઉમેદવાર, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અપાયેલ જાહેરાતના સંબંધમાં અરજી કરે તે કિસ્સામાં નીચેનામાંથી કઈ શરત સંતોષાતી હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડતી નથી ?

1. જ્યાં અનુભવ એક લાયકાત તરીકે સંબંધિત જગા માટે નિયત થયેલ હોય.

2. જ્યાં અનુભવ એક લાયકાત તરીકે સંબંધિત જગા માટે નિયત થયેલ ન હોય.

3. સળંગ ચાર મહિનાથી સરકારની સેવામાં કામગીરી બજાવતા હોય.

4. સળંગ છ માસ અથવા તેથી વધુ સમયથી સરકારની સેવામાં કામગીરી બજાવતા હોય.

(A) ફક્ત 1 અને 4
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 2 અને 4

104. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 માં, સેવામાં અથવા હોદ્દા ઉપર બઢતી માટે જરૂરી ઓછામાં ઓછા અનુભવ હોવા બાબતની જોગવાઈ ક્યારે કરવામાં આવી ?

(A) જાન્યુઆરી, 1985માં
(B) એપ્રિલ, 1985માં
(C) ડિસેમ્બર, 1985માં
(D) જાન્યુઆરી, 1986માં

105. ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો મુજબ સંવર્ગ એટલે ?

(A) જુદા જુદા પગારધોરણની જગ્યાનું સંખ્યાબળ
(B) જુદા એકમ તરીકે મંજૂર કરવામાં આવેલ સેવા કે તેના કોઈ ભાગનું સંખ્યાબળ
(C) સેવા અને જગાનું સંખ્યાબળ
(D) ઉપરોક્ત તમામ

106. વર્ગ-2 માંથી વર્ગ-1 સેવામાં બઢતી માટે કેટલા વર્ષનો લઘુત્તમ અનુભવ નિયત કરવામાં આવેલ છે ?

(A) પાંચ
(B) સાત
(C) આઠ
(D) છ

107. ફરજમોકૂફી હેઠળના કર્મચારીને સક્ષમ સત્તાધિકારીના હુકમો મુજબ કયા ભથ્થાં ચૂકવી શકાય ?

(A) દૈનિક ભથ્થું
(B) ઘરભાડા ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું
(C) મુસાફરી ભથ્થું
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

108. નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. જે સરકારી કર્મચારીઓ માત્ર આહવા ખાતે ફરજ બજાવતા હોય, તેમને ડાંગ ભથ્થું મળવાપાત્ર થાય છે.

2. જે સરકારી કર્મચારીઓ ડાંગ જિલ્લાના કોઈપણ સ્થળે ફરજ બજાવતા હોય, તેઓને ડાંગ ભથ્થું મળવાપાત્ર થાય છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(D) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

109. નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. જે સરકારી કર્મચારી પોતાની, પોતાની પત્નીની, પિતાની, માતાની કે સંતતિની માલિકીના મકાનમાં રહેતા હોય તેઓ ઘરભાડા ભથ્થું મેળવવા હક્કદાર હશે.

2. સરકારી કર્મચારીની ફરજની જગાએ પોતાનું મકાન હોવા છતાં તેના બદલે તે ભાડાના મકાનમાં રહેતા હોય તેવા કેસમાં, ઘરભાડા ભથ્થું મળી શકે નહીં.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

110. ઘરભાડા ભથ્થું મંજૂર કરવા માટે જુદાજુદા શહેરોનું વર્ગીકરણ કેટલી શ્રેણી / પ્રકારે કરેલ છે ?

(A) 3 (B) 4

(C) 5 (D) 6

111. ગુજરાત સરકારના સરકારી કર્મચારી, પોતાનાં પિતા કે જેઓ કેન્દ્ર સરકારના કર્મચારી છે અને પોતાની માલિકીના ઘરમાં રહે છે અને કેન્દ્ર સરકારના નિયમો અનુસાર ઘરભાડા ભથ્થું મેળવે છે, તેમની સાથે રહે છે. આ કર્મચારીને ....

(A) ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થાય નહીં.

(B) ઘરભાડા ભથ્થું મળવાપાત્ર થાય.

(C) ઘરભાડા ભથ્થું 50% ના દરે મળવાપાત્ર થાય.

(D) ઘરભાડા ભથ્થું 75% ના દરે મળવાપાત્ર થાય.

112. ભારત બહાર પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવેલ સરકારી કર્મચારીનો પ્રતિનિયુક્તિનો સમયગાળો કેટલા સમયકરતાં વધુ હોય, અને તે સમયગાળા દરમ્યાન તેનું કુટુંબ ભારતમાં તેના છેલ્લા ફરજના સ્થળે નિવાસ કરતું હોય તેટલા સમય પૂરતા સ્થાનિક વળતર ભથ્થા / ઘરભાડા ભથ્થા માટે સરકારી કર્મચારી પાત્ર ગણાશે ?

(A) એક વરસ કરતાં વધુ (B) છ માસ કરતાં વધુ

(C) નવ માસ કરતાં વધુ (D) ત્રણ માસ કરતાં વધુ

113. બહારની કોઈ સંસ્થા વતી સરકાર દ્વારા લેવાતી પરીક્ષામાં, તે હેતુ માટે રોકવામાં આવેલા સરકારી કર્મચારીઓને પ્રસ્તુત સંસ્થા દ્વારા ચૂકવણી કરવાની થતી ફી,

(A) પ્રસ્તુત સંસ્થા મુકરર કરે તે પ્રમાણે સ્વીકારી શકશે.

(B) પ્રસ્તુત સંસ્થા દ્વારા મુકરર કરેલ ફીના 50% રકમ સ્વીકારી શકશે અને 50% રકમ સરકારમાં જમા કરાવવાની રહેશે.

(C) ફરજના ભાગરૂપે આ કાર્ય ગણીને કોઈ ફી સ્વીકારી શકશે નહીં

(D) સરકાર મુકરર કરે તે પ્રમાણે સ્વીકારી શકશે.

114. નિવૃત્તિ બાદ કેટલા વર્ષમાં અવસાન પામનાર કર્મચારીના કુટુંબને નિવૃત્તિ દરમ્યાન મેળવેલ પેન્શન અને ગ્રેજ્યુઈટીની રકમ જો 12 માસના પગાર કરતાં ઓછી થાય તો તફાવતની રકમ શેષ ગ્રેજ્યુઈટી તરીકે ચૂકવવાની રહેશે ?

(A) બે (B) ત્રણ

(C) પાંચ (D) સાત

115. નવી વર્ધિત પેન્શન યોજના કયા કર્મચારીઓને લાગુ પડે છે ?

(A) તા. 1/4/2005 ના રોજ અથવા તે પછી નિમણૂક પામતા સરકારી કર્મચારીઓને

(B) વર્ક ચાર્જડ મહેકમ પરના કર્મચારીઓને

(C) વર્ગ-4ની સેવાના કર્મચારીઓને

(D) રાજ્ય સરકારના બોર્ડ નિગમના કર્મચારીઓને

116. તા. 1/1/16 થી ન્યૂનતમ પેન્શનની રકમ કેટલી નિયત કરવામાં આવી છે ?

(A) રૂપિયા 3,500/- (B) રૂપિયા 5,000/-

(C) રૂપિયા 6,000/- (D) રૂપિયા 6,500/-

117. પેન્શનપાત્ર સેવાની ગણતરીમાં નીચેનામાંથી કઈ બાબત અસરકર્તા બની શકે ?

(A) કરાર આધારિત નોકરી અને રાજ્યેત્તર સેવા (B) પ્રાપ્ત રજા

(C) પ્રસૂતિ રજા (D) ઉપરોક્ત તમામ

118. નીચેના પૈકી કયો કર્મચારી રહેમીયત પેન્શનને હકદાર નથી ?

(A) ગેરવર્તણૂંકને કારણે પદચ્યુત કરેલ કર્મચારી
(B) નાદારીને કારણે પદચ્યુત કરેલ કર્મચારી
(C) બરતરફ કરવામાં આવેલ કર્મચારી
(D) ઉપરોક્ત તમામ

119. પેન્શનના પ્રકારો કેટલા છે ?

(A) સાત
(B) છ
(C) પાંચ
(D) આઠ

120. કર્મચારીની તે જગા ધારણ કરતો હોય તેમાંથી ઓછા પગારવાળી જગ્યા પર બદલી થઈ શકે ?

(A) ના, નિમ્ન પગારવાળી જગા પર બદલી થઈ શકે નહીં.
(B) કર્મચારીની લેખિત માંગણીથી થઈ શકે.
(C) જાહેર હિતમાં કરી શકાય.
(D) કર્મચારીની બદલી કઈ જગ્યાએ કરવી તે સક્ષમ સત્તાધિકારીની વિવેકબુધ્ધિ પર આધારિત રહે છે.

121. જે પેન્શનરે પેન્શનનું રૂપાંતર નિવૃત્તીની સાથોસાથ કરાવેલ હશે તો, નિવૃત્તિ બાદ પેન્શનના રોકડમાં રૂપાંતરિત હિસ્સાનું પુનઃસ્થાપન ક્યારે કરવામાં આવશે ?

(A) કર્મચારીની નિવૃત્તિના 15 વર્ષ પૂરા થયેથી
(B) કર્મચારીને પેન્શન મંજૂર થયા તારીખથી 15 વર્ષ બાદ
(C) કર્મચારીને પેન્શનનું રોકડ રૂપાંતર ચૂકવ્યા તારીખથી 15 વર્ષ બાદ
(D) કર્મચારી સામેથી તપાસ પૂરી થયા તારીખથી 15 વર્ષ બાદ

122. સરકારી કર્મચારીના પેન્શનના કાગળોની પ્રક્રિયા અંગેના સમયપત્રક અંગે નીચેના વિધાનો સંદર્ભે કયો વિકલ્પ યોગ્ય છે ?

1. પેન્શન મંજૂર કરનાર અધિકારી સરકારી કર્મચારીના વયનિવૃત્તિની તારીખથી ચોવીસ માસ અગાઉ પેન્શનના કાગળો તૈયાર કરવાની કાર્યવાહીની શરૂઆત કરશે.
2. નિવૃત્તી તારીખના 12 માસ પહેલા પેન્શનના કાગળો નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડને મોકલવામાં આવશે.
3. સરકારી કર્મચારીની નિવૃત્તી તારીખથી છ માસ અગાઉ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ પેન્શન ચૂકવણી હુકમ અને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીનો હુકમ જારી કરવામાં આવે તે સુનિશ્ચિત કરશે અને તેની જાણ સંબંધિત તિજોરી કચેરીને કરશે.

(A) વિધાન 1 ખોટું છે.
(B) વિધાન 2 સાચું છે.
(C) વિધાન 3 ખોટું છે.
(D) વિધાન 1, 2 અને 3 સાચાં છે.

123. નીચેના પૈકી કયા પ્રકારના પેન્શનના કિસ્સામાં કામચલાઉ પેન્શન ચૂકવણી થઈ શકે નહીં ?

(A) નિવૃત્તિ વય પેન્શન
(B) નિવૃત્તિ પેન્શન (સ્વૈચ્છિક નિવૃત્તિ અંગે મંજૂર કરવામાં આવેલ પેન્શન સહિત)
(C) અશક્તતા પેન્શન
(D) વળતર તથા ઘા ઈજા પેન્શન

124. કુટુંબ પેન્શનના કેસમાં, અવસાન થયેલ પેન્શનરનો, જ્યાં સુધી નાનામાં નાનો પુત્ર .......... વર્ષની વયે પહોંચી કુટુંબ પેન્શન મેળવવા હકદાર ન ઠરે, ત્યાં સુધી અપરિણિત પુત્રીઓ જીવિત હોવાં છતાં કુટુંબ પેન્શન મેળવવા હક્કદાર બનશે નહીં.

(A) 25
(B) 20
(C) 21
(D) 18

125. સરકારી કર્મચારીની સેવાપોથીમાં વિશિષ્ટ રંગના જુદા પાના પર નીચેની કઈ વિગતો કચેરીના વડા કે ખાતાના વડાએ કરવાની હોય છે ?

(1) અસાધારણ રજા (2) તાલીમ (3) ફરજમોકૂફી (4) બરતરફી (5) ફરજિયાત નિવૃત્તિ

(6) રાજીનામું આપી પાછુ ખેંચી લેવાનો સમયગાળો (7) અનધિકૃત ગેરહાજરી (8) હડતાલમાં ભાગ લેવો

(A) (1), (5), (6) અને (7)

(B) (1) થી (8)

(C) (1), (3), (4) અને (6)

(D) (1), (2), (3), (4) અને (6)

126. કર્મચારીની સેવાપોથીમાં જન્મ તારીખમાં ફેરફાર કરવાની વિનંતી કઈ મુદત સુધીમાં સ્વીકારી શકાય ?

(A) કર્મચારીનો અજમાયશી સમયગાળો પૂરો થાય ત્યાં સુધી.

(B) કર્મચારીની નિમણૂકથી બે વર્ષ સુધીમાં.

(C) અજમાયશી સમયગાળો પૂરો થયા પછી અને પાંચ વર્ષની સળંગ સેવા પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલો હોય તે સમયગાળા સુધી.

(D) કર્મચારીની સમગ્ર સેવા દરમ્યાન કોઈપણ સમયે અને માત્ર એક વખત સુધારો થઈ શકે.

127. ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 માં જણાવેલ પેન્શનની વ્યાખ્યા મુજબ પેન્શનમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(A) પેન્શન

(B) ગ્રેજ્યુઈટી

(C) રજા પગાર

(D) ઉરોક્ત (A) તથા (B) બંને

128. ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 ભારતના સંવિધાનના કયા અનુચ્છેદ હેઠળ મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ - 309

(B) અનુચ્છેદ - 308

(C) અનુચ્છેદ - 166

(D) અનુચ્છેદ - 320

129. ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 મુજબ 'તિજોરી'ની વ્યાખ્યામાં શાનો સમાવેશ થાય છે ?

(A) તિજોરી અને પેટા તિજોરી

(B) પગાર અને હિસાબી કચેરી

(C) ઉપરોક્ત (A) તથા (B) બંને

(D) પગાર ચકાસણી એકમ, ગાંધીનગર

130. એક સરકારી કર્મચારી પોતાની નિવૃત્તિ બાદ પોતાની અસલ સેવાપોથી પોતાની પાસે રાખવા ઈચ્છે છે તો,

(A) સરકારી કર્મચારી પોતાની નિવૃત્તિ બાદ બધા નિવૃત્તિ લાભો અધિકૃત થઈ ગયા બાદ પોતાની સેવાપોથી પોતાની પાસે લઈ જઈ શકે.

(B) સરકારી કર્મચારી નિવૃત્તિ બાદ સરકાર દ્વારા નિશ્ચિત રકમ જમા કરી પોતાની સેવાપોથી પોતાની સાથે લઈ જઈ શકે.

(C) સરકારી કર્મચારી નિવૃત્તિ બાદ સરકારને પોતાની સેવાપોથીની જ્યારે જરૂર પડશે ત્યારે તે રજૂ કરશે તેવી બાંહેધરી આપી પોતાની સાથે લઈ જઈ શકે.

(D) સરકારી કર્મચારી નિવૃત્તિ બાદ પોતાની સેવાપોથી કોઈપણ સંજોગોમાં પોતાની સાથે લઈ જઈ શકે નહીં.

131. જો કોઈ કર્મચારી સમયમર્યાદામાં તંદુરસ્તીનું તબીબી પ્રમાણપત્ર રજૂ ન કરે તો,

(A) કર્મચારીને નોકરીમાં ચાલુ રાખી શકાશે નહીં.

(B) તંદુરસ્તીનું તબીબી પ્રમાણપત્ર મળ્યેથી કર્મચારીને નોકરીમાં પુનઃ લેવામાં આવશે.

(C) ઉપરોક્ત (A) તથા (B) બંને

(D) કર્મચારી તંદુરસ્તીનું તબીબી પ્રમાણપત્ર ન મેળવે ત્યાં સુધી તેનો પગાર આકારવાનું બંધ કરવામાં આવશે.

132. કોઈ સરકારી કર્મચારીએ કરેલ સંશોધન અંગે પેટન્ટનો નિયમ લાગુ પડે છે કે કેમ તે અંગેનો કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે અંગે કોનો નિર્ણય આખરી ગણાશે ?

(A) નાણા વિભાગનો
(B) સરકારનો
(C) સામાન્ય વહીવટ વિભાગનો
(D) ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવનો

133. કચેરીના વડા અધિકારીએ તેની તરતના ઉપરી અધિકારીને દર વર્ષે કયા માસની આખર સુધીમાં સરકારી કર્મચારીઓને તેની સેવાપોથી બતાવેલ છે એ મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે ?

(A) જૂન
(B) જુલાઈ
(C) ઓગસ્ટ
(D) સપ્ટેમ્બર

134. જોઈનીંગ ટાઈમના નિયમોના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) કર્મચારીની સ્વવિનંતીથી બદલી થઈ હોય તો જોઈનીંગ ટાઈમ મળવાપાત્ર નથી.
(B) બદલીની તારીખથી મહત્તમ 30 દિવસની અંદર જોઈનીંગ ટાઈમ ભોગવી લેવાનો રહેશે.
(C) જોઈનીંગ ટાઈમ છ માસની અંદર ભોગવી શકે છે.
(D) જોઈનીંગ ટાઈમની પાછળ રજા આવતી હોય તો જોઈનીંગ ટાઈમ તેટલો લંબાય છે.

135. એક મથકેથી બીજા મથકે સરકારી કર્મચારીની બદલી સંકળાયેલ હોય એવા પ્રસંગોએ, જોઈનીંગ ટાઈમના નિયમો અંતર્ગત દિવસ એટલે શું ?

(A) રજાનો દિવસ
(B) રવિવાર
(C) ફરજ પરના દિવસ (કામના ચાલુ દિવસો)
(D) ઉપરોક્ત (A) તથા (C) બંને

136. સરકારી કર્મચારીને ફરજમોકૂફ ઉપર મૂકનાર અધિકારી, સરકારી કર્મચારીની ....

(A) મોંઘવારી ભથ્થાંની ચૂકવણી અટકાવી શકશે.
(B) વળતર ભથ્થાંની ચૂકવણી અટકાવી શકશે.
(C) ઉપરોક્ત (A) તથા (B) બંનેની ચૂકવણી અટકાવી શકશે.
(D) ઉપરોક્ત (A) તથા (B) બંનેની ચૂકવણી અટકાવી શકશે નહીં.

137. એક જગાએથી બીજી જગા પર જવાના સમય (ટ્રાન્ઝીટ) સમય દરમ્યાન સરકારી કર્મચારી રજા લે, તો તેની જૂની જગાનો હવાલો સોંપ્યા પછીનો પસાર થયેલ સમય ....

(A) રજા તરીકે ગણાશે.
(B) ફરજ પર જોડાવાના સમય તરીકે ગણાશે
(C) કર્મચારી આ સમયને રજા અથવા ફરજ તરીકે જોડાવાનો વિકલ્પ આપી શકે છે.
(D) સક્ષમ સત્તાધિકારી જે નિયત કરે તે બે પૈકી (A અને B) ગણવામાં આવશે.

138. કચેરીના મુખ્ય મથકનું સ્થળાંતર એકીસાથે બીજા મથકે થાય ત્યારે તેના પરિણામે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે સરકારી કર્મચારીને ફરજ પર જોડાવાનો સમય ....

(A) મળી શકે
(B) ન મળે
(C) ખાસ સંજોગોમાં જ મળી શકે
(D) મળી શકે પરંતુ ખાસ સંજોગોને આધિન

139. કર્મચારીના ફરજમોકૂફી દરમ્યાનનાં નિર્વાહ ભથ્થાંમાંથી નીચેના પૈકી કઈ કપાત ફરજિયાત નથી ?

(A) આવક વેરો
(B) વ્યવસાય વેરો
(C) સામાન્ય ભવિષ્યનિધિની કપાત
(D) સરકાર પાસેથી ઉછીની લીધેલી રકમો અને પેશગીઓની ખાતાનાં વડા યોગ્ય રીતે નક્કી કરે તેવા દરે ભરપાઈ

**140.** વર્કચાર્જ્ડ કર્મચારીને ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર થાય ?

(A) ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર થાય નહીં

(B) ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર થાય.

(C) ખાસ મંજૂરીને આધિન ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર થાય.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

**141.** નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ફરજમોકૂફીના સમયને કે તેના કોઈ ભાગને રજામાં ફેરવવાનું પરવાનગી પાત્ર નથી.
2. ફરજમોકૂફીમાં ગાળેલ મુદતને રજામાં ફેરવવાનો નિર્ણય કરાય તો ફરજમોકૂફી હેઠળની પૂરેપૂરી મુદતને નિયમો હેઠળ મળવાપાત્ર રજામાં પરિવર્તિત કરવી પડશે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે. (B) વિધાન (1) અને (2) બંને સાચાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે. (D) વિધાન (1) અને (2) બંને ખોટાં છે.

**142.** રાજ્યેતર સેવા દરમ્યાન રાજ્યપત્રિત સરકારી કર્મચારી સિવિલ સર્જનની સારવાર મેળવવા માટે ક્યારે હકદાર બને છે ?

(A) જો રાજ્યેતર સેવાના નિયોક્તાએ કોઈ તબીબી અધિકારી માટે પ્રબંધ કર્યો ન હોય.

(B) રાજ્યેતર સેવાના નિયોક્તાએ પ્રબંધ કરેલ તબીબ, રાજ્યપત્રિત દરજ્જાના ન હોય.

(C) ઉપરોક્ત (A) અથવા (B) બંને

(D) આવી સારવાર મેળવવા હકદાર નથી.

**143.** પગારધોરણમાં શેનો સમાવેશ થાય છે ?

(A) લઘુત્તમ પગાર, ઈજાફો અને અધિકતમ પગાર (B) પગાર બેન્ડ

(C) પગાર બેન્ડ અને ગ્રેડ પે (D) અંગત પગાર

**144.** સામાન્ય વહીવટ વિભાગમાં ફરજ બજાવતા એક નાયબ સેક્શન અધિકારીને સેક્શન અધિકારી તરીકે બઢતી મળતાં તેમનો પગાર ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002ના કયા નિયમના આધારે નક્કી થશે ?

(A) નિયમ 12 (B) નિયમ 11(1)

(C) નિયમ 13(એ) (D) નિયમ 13(બી)

**145.** કયા પ્રકારની રજા ઈજાફાપાત્ર નથી ?

(A) પ્રસૂતિ રજા (B) હોસ્પિટલ રજા

(C) અસાધારણ રજા (D) બિન જમા રજા

**146.** નીચેનામાંથી કોને ખાસ પગાર મળવાપાત્ર છે ?

(A) કેશીયર (B) રોનિયો ઓપરેટર

(C) ટેલિફોન ઓપરેટર (D) ઉપરોક્ત તમામ

147. ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 ના નિયમ-22 માં "લાભ" શબ્દના અર્થમાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

(1) પગાર

(2) મોંઘવારી ભથ્થું

(3) ઘરભાડા ભથ્થું

(4) સ્થાનિક વળતર ભથ્થું

(5) ઉપલી જગાને સંલગ્ન હોય તેવા ખાસ પગાર કે અન્ય વળતર ભથ્થાં.

(A) (1), (2) અને (3)

(B) (1), (2), (3) અને (4)

(C) (1), (2) અને (4)

(D) (1), (2), (3), (4) અને (5)

148. ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 મુજબ જ્યારે કર્મચારીની નિમણૂક વધુ મહત્ત્વની ફરજો કે જવાબદારીવાળી ન હોય તેવી અન્ય જગ્યાએ કરવામાં આવે ત્યારે પગાર બાંધણી કયા નિયમ હેઠળ કરવામાં આવશે ?

(A) નિયમ-10

(B) નિયમ-11

(C) નિયમ-12

(D) નિયમ-13

149. ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, 2002 ની જોગવાઈ સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. એક જ જગાના સિનિયર એટલે કે ઉપલા પગારધોરણમાં નિમણૂક થાય તો સરકારી કર્મચારીનો પગાર નિયમ-13 હેઠળ નક્કી થાય છે.

2. કાયમી જગાની નાબૂદીના કારણે છૂટો થયેલ સરકારી કર્મચારી પોતે અન્ય મહેકમની ઓછા પગારવાળી જગા પર નિમણૂક કરવાનું સ્વીકારે તો તેની તેવી નવી જગાનો અધિકતમ પગાર મળશે.

(A) બંને વિધાનો સાચાં છે.

(B) બંને વિધાનો ખોટાં છે.

(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.

(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

150. પ્રસૂતિની રજા કોને મળવાપાત્ર થાય ?

(A) બે કે તેથી વધુ જિવીત બાળકો ન હોય તેવા મહિલા કર્મચારીને

(B) કાયમી નોકરીમાં ન હોય પણ એક વર્ષની સળંગ નોકરી થઈ હોય તેવા મહિલા કર્મચારીને

(C) કામ પૂરતા મહેકમ પરના મહિલા કર્મચારી કે જેને બે કે તેથી વધુ જિવીત બાળક ન હોય.

(D) ઉપરોક્ત તમામ

151. સરકારી કર્મચારીના ખાતે જમા થયેલ રજાનો ક્યારે અંત આવે છે ?

1. સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા તારીખથી.

2. સરકારી નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા તારીખથી.

3. સરકારી નોકરીમાંથી રાજીનામાની તારીખથી.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1, 2 અને 3

(D) ફક્ત 1 અને 2

152. વેકેશન ખાતા સિવાય અન્ય ખાતામાં કામ કરતા સરકારી કર્મચારીને તેની નોકરીના પ્રત્યેક અર્ધવાર્ષિક ગાળા માટે 15 દિવસના દરે પ્રાપ્ત રજા મળવાપાત્ર છે. અગાઉના અર્ધવાર્ષિક ગાળા દરમ્યાન કર્મચારીએ જો અસાધરણ રજા ભોગવી હશે તો તે ભોગવેલ રજાના દિવસોના કેવળ .......... પરંતુ અધિકતમ .......... દિવસને અધીન રહીને જમા કરવામાં આવનાર પ્રાપ્ત રજાના દિવસોમાંથી બાદ કરવામાં આવશે.

(A) 1/10, 15

(B) 1/10, 10

(C) 1/5, 15

(D) 1/6, 15

153. ફાયર બ્રિગેડના એક કર્મચારીને તેની ફરજો બજાવવા દરમ્યાન ગંભીર ઈજા થાય છે તો તેને કઈ રજા મળવાપાત્ર થાય ?

(A) હોસ્પિટલ રજા
(B) ખાસ પ્રાસંગિક રજા
(C) ખાસ અશક્તતાની રજા
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

154. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

1. અસાધારણ રજા અન્ય કોઈ રજા મળવાપાત્ર ન હોય ત્યારે જ મળે છે.
2. સ્વૈચ્છિક ગેરહાજરીને પણ રજા મંજૂર કરનાર અધિકારી પશ્ચાદવર્તી અસરથી અસાધારણ રજા તરીકે ગણી શકે છે.

(A) વિધાન (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) બંને વિધાનો સાચાં છે.

155. રજાના નિયમો હેઠળ કઈ રજા માન્યતા પ્રાપ્ત રજા નથી ?

(A) પ્રાપ્ત રજા
(B) રૂપાંતરિત રજા
(C) પ્રાસંગિક રજા
(D) પ્રસૂતિ રજા

156. રજા પ્રવાસ રાહત સમયે પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર નોકરીના સમગ્ર સમય દરમ્યાન કેટલા દિવસ કરતાં વધવું ન જોઈએ ?

(A) 30
(B) 40
(C) 50
(D) 60

157. સરકારી કર્મચારી ભારત બહાર રજા ભોગવતા હોય અને ત્યાંથી તેમને ફરજિયાત ફરજ ઉપર પરત બોલાવવામાં આવે તે સંબંધમાં નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. રજાની ગણતરી કરવાના હેતુ માટે ભારત આવવા માટે ગાળેલ જળ પ્રવાસનો સમય ફરજ તરીકે ગણાશે.
2. ભારત પરત આવવા માટે નિઃશુલ્ક મુસાફરીનો લાભ મળશે.
3. તેને ફરજ ઉપર પરત બોલાવવામાં આવતાં, ભારત આવવા માટે ઉપડવાની તારીખ સુધીમાં પોતાની રજાની અડધી મુદત અથવા બે માસ એ બંનેમાંથી ઓછી હોય તે મુદત તેણે પૂરી વિતાવી ન હોય તો, ભારતમાંથી બહાર જવાના તેના પેસેજનો ખર્ચ પરત મળશે.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

158. એક સરકારી કર્મચારી પોતે તબીબી પ્રમાણપત્રના આધારે રજાની માંગણી કરે છે, જે મુજબ ....

(A) તબીબી પ્રમાણપત્ર મળ્યેથી તેઓને રજાનો અધિકાર પ્રાપ્ત થાય છે.
(B) તબીબી પ્રમાણપત્ર મળ્યેથી સક્ષમ સત્તાધિકારી રજા મંજૂર કરવાની ના પાડી શકે નહીં.
(C) તબીબી પ્રમાણપત્ર મળ્યેથી સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂર થયેલ રજાના હુકમ મુજબ રજા મળવાપાત્ર થાય છે.
(D) ઉપરોક્ત (A) અને (B) બંને

159. એક સરકારી કર્મચારીએ એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી છે અને તે કેન્સરની બિમારીની સારવાર માટે માન્ય સંસ્થામાં સારવાર હેઠળ છે, તો તેને કેટલી અસાધારણ રજા મંજૂર કરી શકાય છે ?

(A) નવ માસ સુધીની
(B) બાર માસ સુધીની
(C) પંદર માસ સુધીની
(D) છ માસ સુધીની

160. અભ્યાસ રજા મંજૂર કરવા સક્ષમ સત્તાધિકારી કોણ છે ?

(A) ખાતાના વડા
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) સંબંધિત વહીવટી વિભાગ, નાણા વિભાગના પરામર્શ બાદ મંજૂર કરી શકે છે
(D) નાણા વિભાગ

161. ઈ-1 કક્ષાના રહેણાંકનો ક્ષેત્રફળ વપરાશ વિસ્તાર (ફ્લોર એરિયા) કેટલા ચોરસ મીટર હોય છે ?

(A) 121 થી 150 ચોરસ મીટર સુધી
(B) 80 થી 120 ચોરસ મીટર સુધી
(C) 151 અને તેથી ઉપર ચોરસ મીટર
(D) 65 થી 79 ચોરસ મીટર સુધી

162. ગુજરાત મુલકી સેવા (રહેણાંકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002 હેઠળ રહેણાંકના આવાસ માટે ભાડાના કેટલા પ્રકારના દરો નિયત કરવામાં આવેલ છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

163. સરકારી કર્મચારીઓ સિવાયની વ્યક્તિઓને રહેણાકના આવાસ કોની મંજૂરીથી પટે આપી શકાય છે ?

(A) કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ
(B) અધિક્ષક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ
(C) મુખ્ય ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ
(D) સચિવ, માર્ગ અને મકાન વિભાગ

164. પોલીસ ખાતા હસ્તકના નીચેના પૈકી કોની પાસેથી રહેણાંકનું ભાડું વસૂલવામાં નહીં આવે ?

(A) સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ
(B) નાયબ પોલીસ અધિક્ષક
(C) પોલીસ ઈન્સ્પેક્ટર
(D) પોલીસ મહાનિદેશક

165. કાયમી મુસાફરી ભથ્થાંની રકમ નક્કી કરતી વખતે, જે સરકારી કર્મચારીનું કાર્યક્ષેત્ર તાલુકા પૂરતું મર્યાદિત હોય, તેમના કિસ્સામાં દૈનિક સરેરાશ પ્રવાસનું અંતર કેટલા કિલોમીટર એક અછડતા માર્ગદર્શન તરીકે લેવાનું હોય છે ?

(A) 45 કિ.મી.
(B) 30 કિ.મી.
(C) 25 કિ.મી.
(D) 22 કિ.મી.

166. ફરજના સ્થળેથી કેટલા કિલોમીટરના અંતરમાં રહેતા કર્મચારીઓને પરિવહન ભથ્થું મળવાપાત્ર નથી ?

(A) એક
(B) બે
(C) ચાર
(D) છ

167. માઈલેજ ભથ્થાંની રકમ નિશ્ચિત કરવા માટે .......... ભાગના માઈલેજ ભથ્થાંની ગણતરી ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002 ના નિયમ-52 હેઠળ કાર અથવા મોટરસાયકલ અથવા સ્કુટર અથવા રીક્ષા વિગેરેની હકપાત્રતાના ધોરણે કરવામાં આવશે.

(A) 1/4
(B) 1/6
(C) 1/3
(D) 1/5

168. મુસાફરી ભથ્થાંની ગણતરી માટે અમદાવાદ અને જૂનાગઢ વચ્ચે માન્ય કરેલ માર્ગ કયો છે ?

(A) રાજકોટ અને લીંબડી થઈને
(B) બોટાદ અને ધોળકા થઈને
(C) રાજકોટ અને સુરેન્દ્રનગર થઈને
(D) અમરેલી અને ભાવનગર થઈને

169. ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002 ના નિયમ-10 અનુસાર મુસાફરી ભથ્થાંમાં નીચેનામાંથી શાનો સમાવેશ થતો નથી ?

(A) વાહન ભથ્થું
(B) કાયમી મુસાફરી ભથ્થું
(C) માઈલેજ ભથ્થું
(D) રજા પ્રવાસ ભથ્થું

170. મુસાફરી ભથ્થાનાં બીલ ઉપર ...

(A) નિયંત્રણ અધિકારીના હસ્તાક્ષર કરવામાં આવે છે.
(B) નિયંત્રણ અધિકારીની સહી કે પ્રતિહસ્તાક્ષર કરવામાં આવે છે.
(C) નિયંત્રણ અધિકારીની સહી કે પ્રતિહસ્તાક્ષરની જરૂર રહેતી નથી.
(D) નિયંત્રણ અધિકારી જરૂર જણાયે સહી કે પ્રતિહસ્તાક્ષર કરે છે.

171. સરકારી કર્મચારીની બદલીના પ્રસંગે, બંને સ્થળો રેલ્વેથી જોડાયેલ હોય અને તેઓ સર-સામાન રસ્તા દ્વારા ખાનગી વાહન કે અન્ય રીતે લાવે તો તેમને નીચેનામાંથી શું મળે ?

(A) ખરેખર ચૂકવેલ રકમ.

(B) માલગાડામાં સરસામાન લઈ જાય અને જે મળવાપાત્ર રકમ હોય તેટલી જ.

(C) માલગાડામાં સરસામાન લઈ જતાં મળતી રકમની 1¼ ગણી રકમની મર્યાદામાં રકમ મળે.

(D) માલગાડામાં સરસામાન લઈ જતાં મળતી રકમની 1½ ગણી રકમની મર્યાદામાં રકમ મળે.

172. જે તે માસના તુટક સમય માટે કાયમી મુસાફરી ભથ્થાંની ગણતરી કયા દરે કરવામાં આવે છે ?

(A) જે તે લાગુ પડતા માસના દિવસોને ધ્યાને લઈ પ્રમાણસર કાયમી મુસાફરી ભથ્થાંની ગણતરી કરવામાં આવે છે.

(B) માસના તુટક સમયગાળાના દિવસો માટે એક દિવસના 1/30 દરે કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે.

(C) તુટક સમય માટે કાયમી મુસાફરી ભથ્થાની ગણતરી સારૂ આખા વર્ષનો તુટક મુસાફરીનો સમયગાળો ધ્યાને લઈ નિશ્ચિત સમયગાળાને લાગુ પડતા માસમાં રૂપાંતરિત કરી કાયમી મુસાફરી ભથ્થાંની આકારણી કરવામાં આવશે.

(D) તુટક સમય માટે આખો માસ પૂર્ણ થતો ન હોય જે તે માસનું કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર થાય નહીં.

173. વાહન ભથ્થાંની આકારણી સંબંધમાં નીચેનામાંથી કયું યોગ્ય છે ?

(A) સરકારી કર્મચારીને રજા દરમ્યાન મળવાપાત્ર નથી.

(B) સરકારી કર્મચારીને હંગામી બદલી દરમ્યાન મળવાપાત્ર નથી.

(C) નિયત શરતો સંતોષાતી હોય તો આબકારી ખાતાના ઈન્સ્પેક્ટરોને રજા તથા હંગામી બદલી દરમ્યાન મળવાપાત્ર છે.

(D) ઉપરોક્ત તમામ

174. કાયમી મુસાફરી ભથ્થાની આકારણી બીલના કયા નમૂનામાં કરવામાં આવે છે ?

(A) મુસાફરી ભથ્થાનાં બીલના નમૂનામાં
(B) પગાર ભથ્થાનાં બીલના નમૂનામાં
(C) આકસ્મિક ખર્ચના બીલના નમૂનામાં
(D) કાયમી મુસાફરી ભથ્થાનાં બીલના નમૂનામાં

175. શાખાઓમાં ટપાલની વહેંચણી સામાન્ય રીતે કેટલી વાર કરવાની હોય છે ?

(A) એક વાર
(B) બે વાર
(C) ત્રણ વાર
(D) બે થી ચાર વાર

176. હાથોહાથ મોકલવાના કાગળો શેમાં નોંધવામાં આવશે ?

(A) સ્થાનિક પહોંચપોથીમાં
(B) જાવક રજિસ્ટરમાં
(C) નિયંત્રણ રજિસ્ટરમાં
(D) તુમાર રજિસ્ટરમાં

177. કોઈપણ કચેરીમાં એક જ વિષયને લગતા અને ક, ખ, ખ/1, ગ અને ઘ, યાદી મુજબ તેનું વર્ગીકરણ એક જ પ્રકારે થઈ શકે તેવા કેટલા કરતાં વધારે સંખ્યામાં કેસો વર્ષ દરમ્યાન આવવાનો સંભવ હોય ત્યારે આવા કેસો માટે અલગ ડોકેટ સ્લીપ નહીં કાઢતા ખાસ રજિસ્ટર રાખવાના હોય છે ?

(A) 30
(B) 20
(C) 50
(D) 60

178. ફાઈલોના શિર્ષકના સંબંધમાં નીચેના વિધાનો વિચાણામાં લઈને તેમાંના કયા વિધાન / વિધાનો સાચાં છે, તે પ્રમાણે વિકલ્પ પસંદ કરો.

1. ફાઈલનો વિષય એ તેનું શિર્ષક બની રહે છે.
2. પેટા મથાળા વિનાની, માત્ર 'મથાળું' ધરાવતી ફાઈલ હોઈ શકે છે.
3. પેટા મથાળુ એકલું ધરાવતી ફાઈલ હોતી નથી.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

179. ડાકેટ પાનાની પદ્ધતિ મુજબ નહીં ચાલતા કાગળો જેવા કે મુદતી પત્રકો અને મ.પ.(ખ) રજિસ્ટર, જુદા જુદા હિસાબ અંગેના રજિસ્ટરો ફાઈલ કરતી વખતે તે કાગળો દફતરખાનામાં આવ્યા બાબતની નોંધ કરવાની હોય છે. આવી જાતની નોંધ રાખવા માટે રાખવામાં આવતા રજિસ્ટરને શું કહે છે ?

(A) ફેરિસ્ત
(B) ખાસ રજિસ્ટર
(C) દફતરે થયેલ રજિસ્ટરોની સૂચિ દર્શાવતું રજિસ્ટર
(D) નિયંત્રણ રજિસ્ટર

180. રાજ્યની સર્વે કચેરીના વડા અધિકારીએ સંબંધિત ખાતાના વડાને પરિશિષ્ટ-18 ના નમૂનામાં સમગ્ર કચેરીના કામના નિકાલ અને બાકી કામની માસિક તારીજ દર માસે કઈ તારીખ સુધીમાં મોકલી આપવાની હોય છે ?

(A) પાંચ
(B) સાત
(C) પંદર
(D) દસ

181. ''ઘ'' વર્ગમાં મૂકાયેલી ફાઈલો તથા કાગળોની મુદત પૂરી થાય એટલે દફતર કારકુને તેનો નાશ કરતા પહેલાં કોની મંજૂરી મેળવવાની હોય છે ?

(A) કચેરીના વડા
(B) શાખાના વડા
(C) ખાતાના વડા
(D) સંબંધિત વહીવટી વિભાગ

182. નીચેનામાંની કઈ કચેરી સાથેનો પત્રવ્યવહાર કચેરીના વડાની સહીથી પત્રના સ્વરૂપમાં જ કરવાનો હોય છે ય

(A) ગુજરાત તકેદારી પંચ
(B) ગુજરાત સિવિલ સર્વીસ ટ્રિબ્યુનલ
(C) ગુજરાત વિધાનસભા સચિવાલય
(D) ઉપરોક્ત તમામ

183. સમાન કક્ષાના અધિકારીઓને લખવામાં આવતા નીમ સરકારી પત્રમાં કેવું સંબોધન થઈ શકે ?

(A) ''શ્રી'', ''શ્રીયુત'', ''ભાઈશ્રી'', ''સ્નેહી ભાઈશ્રી''
(B) શ્રીમાન
(C) મહાશય
(D) શ્રી ... સાહેબ

184. કેટલાં કરતાં વધારે નકલો જોઈતી હોય તો તે છપાવી લેવાની હોય છે ?

(A) 400
(B) 200
(C) 500
(D) 150

185. સરકારી કચેરીઓમાં કાગળોના નિકાલમાં વિલંબના કારણો શું છે ?

(A) કાગળનો પૂરતો અભ્યાસ કર્યા વિના માહિતી મંગાવી તેની માટે રાહ જોવી.
(B) પોતાની કચેરીમાં ઉપલબ્ધ હોય અથવા થોડા વધુ પ્રયત્નથી ઉપલબ્ધ થઈ શકે તેવી માહિતી તાબાની કચેરીઓમાંથી મંગાવવી.
(C) કાગળના નિકાલ માટેના સરકારી ઠરાવ, પરિપત્રો, નિયમો વગેરેનું પૂરતું જ્ઞાન ન હોવું.
(D) ઉપરના તમામ

186. ''તાકીદે'' જેનો નિકાલ કરી શકાય તેમ ન હોય તેવા સામાન્ય કેસો એટલે કે ઝીણવટભર્યા અભ્યાસ, પૂર્વ દૃષ્ટાંત અને નોંધો વગેરે જેમાં જરૂરી બને તેવો કેસો શાખામાં આવ્યા બાદ કેટલા સમયમાં રજૂ કરવાના રહેશે ?

(A) દસ દિવસમાં
(B) મોડામાં મોડા પાંચ દિવસમાં
(C) એક સપ્તાહની અંદર
(D) ત્રણ દિવસની અંદર

187. અધિકારીઓએ પોતાના હાથ નીચે કામ કરતા કર્મચારીવર્ગના સભ્યોની બેઠકનું આયોજન કેટલા સમયાંતરે કરવાનું હોય છે ?

(A) દર પંદર દિવસે
(B) દર માસે
(C) દર બે માસે
(D) દર ત્રણ માસે

188. જાહેરનામા સંબંધમાં નીચેના વિધાનો વિચાણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. સાધારણ જાહેરનામા દર સોમવારે પ્રસિદ્ધ થાય છે.

2. અસાધારણ જાહેરનામા જાહેર રજાના દિવસે પ્રસિદ્ધ થતા નથી.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) બંને વિધાનો ખોટાં છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

189. નીચેની બાબતો કયા પ્રકારના લખાણમાં સમાવિષ્ટ હોય છે ?

1. અનેક કચેરીઓ પાસેથી માહિતી મંગાવવા માટે વપરાય છે.

2. ત્રીજી વ્યક્તિ લખતી હોય તે રીતે લખાય છે.

3. સહી કરનાર અધિકારીની સહી તથા હોદ્દા સિવાય કોઈ સંબોધન કે સમાપન હોતું નથી.

(A) – યાદી
(B) – શેરો
(C) – ઠરાવ
(D) – પરિપત્ર

190. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. કોઈપણ સરકારી કર્મચારીથી જેનું સભ્યપદ અમુક કોમ માટે જ મર્યાદિત રાખવામાં આવ્યું હોય તેવી સંસ્થાની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહીં.

2. સરકારને જાણ કરીને, કોઈપણ સરકારી કર્મચારી શાળા સાથે પોતાનું નામ જોડી શકશે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

191. કેટલી મુદતની કેદની સજા થઈ શકે તેમ હોય એવા કોઈપણ કહેવાતા ગુના અંગે સરકારી કર્મચારી સામે કોઈપણ ફોજદારી કાર્યવાહી દાખલ કરવામાં આવેલ હોય તો તેની જાણ સંબંધિત કચેરીને કરવાની હોય છે ?

(A) છ માસ સુધીની
(B) છ માસથી એક વર્ષ સુધીની
(C) એક વર્ષ અથવા વધુ મુદતની
(D) આવી જાણ કરવાની કોઈ જોગવાઈ નથી

192. જ્યારે કોઈ સરકારી કર્મચારીના પગારના કેટલા ભાગ પર કાયમી ટાંચ મૂકાઈ હોય, તો તે કર્મચારી નોકરીમાંથી દૂર થવાને પાત્ર બનશે ?

(A) 25%
(B) 30%
(C) 40%
(D) 50%

193. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, 1971ના નિયમોની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. એક સરકારી કર્મચારી, તેમના પુત્ર દ્વારા શરૂ કરાયેલ ધંધામાં, સરકારની પૂર્વ મંજૂરી મેળવીને, નાણાકીય જોગવાઈ કરી શકે છે.

2. સરકારી કર્મચારી, સરકારની પૂર્વ મંજૂરી વિના તેમની પત્નિની કમિશન એજન્સી માટે પ્રચાર કરી શકશે નહીં.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

194. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, 1961 હેઠળ રજિસ્ટર થયેલી, સરકારી કર્મચારીઓના લાભ માટેની સહકારી મંડળીના વહીવટમાં ભાગ લીધાના કેટલા સમયમાં તેણે આ અંગેની વિગતો આપતો રિપોર્ટ સરકારને કરવો જોઈશે ?

(A) એક મહિનાની અંદર
(B) બે મહિનાની અંદર
(C) ત્રણ મહિનાની અંદર
(D) પંદર દિવસની અંદર

195. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો ઘડવા અંગેની સત્તા રાજ્ય સરકારને ભારતના સંવિધાનના કયા અનુચ્છેદથી પ્રાપ્ત થયેલ છે ?

(A) 311
(B) 309
(C) 209
(D) 310

196. નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. સરકારી કર્મચારી સરકારને જાણ કરીને ધાર્મિક ઉદ્દેશ ધરાવતી સંસ્થાની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે છે.
2. મહેસૂલ ખાતામાં હોદ્દો ધરાવતો સરકારી કર્મચારી જે જિલ્લામાં પોતે તે સમયે નોકરીમાં હોય તે જિલ્લામાં પ્રત્યક્ષ ફાર્મ ધરાવતો હોય તો આ હકીકતની સરકારને જાણ કરવાની રહેશે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

197. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ની જોગવાઈ સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. જ્યાં સરકારી કર્મચારીની સેવાઓ, કેન્દ્ર સરકારને ઉછીની આપેલ હોય અને સેવા ઉછીની લેનાર અધિકારીનો મત થાય કે નાની શિક્ષાઓ પૈકી કોઈપણ શિક્ષા સરકારી કર્મચારીને કરવી જોઈએ, તો તે સેવા ઉછીની આપનાર અધિકારીની સલાહથી યોગ્ય તે હુકમ કરી શકશે.
2. આ બાબતમાં બંને અધિકારી વચ્ચે મતભેદ પડે, તો સરકારી કર્મચારીની સેવાઓ, સેવા ઉછીની આપનાર અધિકારી હસ્તક પાછી સોંપી દેવાની રહેશે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

198. ''ઠપકા''ની શિક્ષા નાની શિક્ષાઓમાંથી મે, 1996 થી રદ કરવામાં આવેલ, જે પુનઃ નાની શિક્ષા તરીકે ગણવા માટે કયા વર્ષમાં જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 1997
(B) 1998
(C) 2000
(D) 1999

199. સરકાર દ્વારા તેના પોતાના શિસ્તભંગના હુકમોની પુનર્વિચારણા સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. રેકર્ડમાં કોઈ દેખીતી ભૂલ હોય તો પુનર્વિચારણા કરી શકાય છે.
2. પુનર્વિચારણા બાદ સરકારી કર્મચારીને તક આપ્યા વિના શિક્ષામાં વધારો કરી શકાશે નહીં.
3. અપીલ માટેની સમયમર્યાદા પૂરી ન થાય તો પણ પુનર્વિચારણા થઈ શકે છે.

(A) ત્રણેય વિધાનો સાચાં છે.
(B) વિધાન (1), (2) સાચાં અને (3) ખોટું છે.
(C) વિધાન (1) અને (3) સાચાં અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) તથા (3) સાચાં છે.

200. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 અનુસાર નીચેનામાંથી કઈ શિક્ષાનો સમાવેશ નાની શિક્ષામાં થતો નથી ?

(A) ઠપકો
(B) ઈજાફા અથવા બઢતીની રૂકાવટ
(C) આક્ષેપીતની કામગીરીથી સરકારને થયેલ આર્થિક નુકશાનની વસૂલાત
(D) ફરજિયાત નિવૃત્તિ

201. સરકાર દ્વારા આક્ષેપિતને કરવાની થતી સૂચિત શિક્ષાની દરખાસ્ત સાથે ગુજરાત જાહેર સેવા આયોગ સહમત ન થાય તો તે કિસ્સામાં શિક્ષાનો નિર્ણય આયોગની સલાહ પર આધારિત હોય તો આયોગની સલાહની નકલ આક્ષેપિત અધિકારીને પૂરી પાડીને આયોગની સલાહ અંગે રજૂઆત કરવા માટે આક્ષેપિતને કેટલા દિવસનો સમય આપવાનો રહેશે ?

(A) 30
(B) 10
(C) 15
(D) 07

202. નીચેના પૈકી કઈ બાબત ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971 હેઠળની બાબત નથી ?

(A) રૂખસદ
(B) અપરિપક્વ નિવૃત્તિ
(C) બરતરફી
(D) ફરજમોકૂફી

203. જે કેસમાં બે અથવા વધુ સરકારી કર્મચારીઓ સંડોવાયેલા હોય ત્યાં આવા બધા સરકારી કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવાની સત્તા કોને છે ?

(A) સરકારને
(B) શિસ્ત અધિકારીને
(C) આવા બધા સરકારી કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવાની સત્તા ધરાવતાં બીજા અધિકારી
(D) (A) અને (C)

204. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. આ નિયમો નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગના અધિકારીઓને લાગુ પડે છે.
2. આ નિયમો પંચાયત સેવાના કર્મચારીઓને લાગુ પડે છે.

(A) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(B) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

205. ફરજમોકૂફીના કોઈ હુકમની સમીક્ષા બાદ, એકી સમયે કેટલા દિવસ કરતાં વધારે મુદત માટે ફરજમોકૂફી લંબાવી શકાશે નહીં ?

(A) 60
(B) 90
(C) 180
(D) 120

206. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1971ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ગુજરાત સરકારના એક કર્મચારીની સેવાઓ બીજી રાજ્ય સરકારને ઉછીની આપવામાં આવી હોય, તે કેસમાં આવા સરકારી કર્મચારીને ફરજમોકૂફી હેઠળ મૂકવા માટે ઉછીની સેવા લેનાર અધિકારીને, નિમણૂક અધિકારીની સત્તા રહેશે.
2. આવા સરકારી કર્મચારી સામેની શિસ્ત ભંગની કાર્યવાહીના સંબંધમાં ઉછીની સેવા લેનાર અધિકારી મોટી શિક્ષાઓ પૈકી કોઈપણ શિક્ષા કરી શકશે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

207. ખાતાના વડા, તેમના વહીવટી નિયંત્રણ હેઠળના રાજ્ય સેવા વર્ગ-2 ના કોઈપણ સરકારી અધિકારીને નીચે દર્શાવેલ શિક્ષાઓ પૈકી કઈ શિક્ષાઓ કરી શકશે ?

1. ઈજાફો અટકાવવો
2. બઢતીની રૂકાવટ
3. સરકારને થયેલ કોઈ આર્થિક નુકસાનની તેના પગારમાંથી આખી કે આંશિક વસૂલાત
4. અમુક નિશ્ચિત સમય માટે પગારના નીચલા તબક્કાએ ઉતારવાની શિક્ષા

(A) (1), (2) અને (3)
(B) (1) અને (2)
(C) (1) અને (3)
(D) (1), (2), (3) અને (4)

208. તિજોરી નિયમોના નિયમ 151માંની જોગવાઈ અનુસાર હોય એ સિવાય, લેણું થયાના કેટલા સમયની અંદર રજૂ કરવામાં આવ્યું ન હોય એવું સરકારી કર્મચારીનું માગણું હિસાબ તપાસણી અધિકૃતિ વિના ચૂકવવામાં આવશે નહીં ?

(A) છ માસની
(B) નવ માસની
(C) એક વર્ષની
(D) બે વર્ષની

209. ગુજરાત નાણાકીય નિયમો, 1971ની જોગવાઈના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. પેશગીની રકમ એક કરતાં વધુ હપ્તામાં ઉપાડવામાં આવી હોય એવા કેસોમાં પહેલો હપ્તો ઉપાડવામાં આવ્યો હોય એ તારીખના સંદર્ભમાં વ્યાજનો દર નક્કી કરાય છે.

2. દરેક મહિનાની છેલ્લી તારીખે પેશગીની બાકી નીકળતી રકમ પર વ્યાજ ગણાય છે.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

210. ફરજ પર કે રજા પર હોય એ દરમિયાન જેમની બદલી થાય એવા કાયમી કે હંગામી કર્મચારીને પગાર અને પ્રવાસ-ભથ્થાની પેશગીઓ કોણ મંજૂર કરી શકશે ?

(A) સચિવાલયનો સંબંધીત વહીવટી વિભાગ
(B) ખાતાના વડા
(C) કચેરીના વડા
(D) ખાતાના વડા કે કચેરીના વડા બેમાંથી કોઈપણ

211. સરકારી કર્મચારીને મળતી મકાન બાંધકામ પેશગી ઉપર વ્યાજની ગણતરીની જોગવાઈ શું છે ?

(A) મૂળ રકમ ઉપર ચક્રવૃદ્ધિ વ્યાજ લેવામાં આવે છે.
(B) પેશગીની કુલ રકમ ઉપર સાદું વ્યાજ લેવામાં આવે છે.
(C) મહિનાની છેલ્લી તારીખે પેશગીની જે રકમ બાકી રહેતી હોય તેની ઉપર સાદું વ્યાજ લેવામાં આવે છે.
(D) આ પૈકી કોઈ જોગવાઈ લાગુ પડતી નથી.

212. દૈનિક ભથ્થા સહિત પ્રવાસ ભથ્થા માટે સરકારી કર્મચારીનો હક, જે તારીખથી લેણો થતો હોય તે તારીખથી કેટલા સમયની અંદર તેને માટે માગણું રજૂ કરવામાં આવે નહિ, તો છોડી દીધેલ હોવાનું ગણાશે ?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) નવ માસ
(D) એક વર્ષ

213. સરકારી કર્મચારી મોટર કાર પેશગી ઉપાડે તે તારીખે તેણે કયા ફોર્મમાં ગીરોખત કરવાનું હોય છે ?

(A) ફોર્મ-30
(B) ફોર્મ-31
(C) ફોર્મ-32
(D) ફોર્મ-33

214. જેમાં સરકાર પક્ષકાર હોય એવા કાનૂની દાવા સંબંધમાં પેશગી કોણ મંજૂર કરી શકશે ?

(A) સંબંધિત વહીવટી વિભાગ
(B) નાણા વિભાગ
(C) કચેરીના વડા
(D) નિયંત્રણ અધિકારી

215. ગુજરાત નાણાંકીય નિયમો, 1971માં નાણાંકીય ઔચિત્યનો ઉલ્લેખ કયા નિયમમાં જોવા મળે છે ?

(A) નિયમ-8
(B) નિયમ-7
(C) નિયમ-6
(D) નિયમ-9

216. સરકારી કર્મચારીને પેશગી મંજૂર કરતી વખતે જામીનખત કોણ કરી શકે ?

(A) તે કર્મચારી સાથે નિમણૂંક પામેલ કર્મચારી
(B) તે કર્મચારીના સમકક્ષ કે તેનાથી ઉપરના અન્ય કર્મચારી
(C) તે કર્મચારી સાથેના હંગામી કર્મચારી
(D) (A) અને (B) બંને

217. ગુજરાત નાણાકીય નિયમો, 1971 મુજબ નીચેના પૈકી કયા હેતુ સારૂ મકાન બાંધકામ પેશગી મંજૂર કરી શકાય ?

(A) નવા મકાન કે ફ્લેટનું બાંધકામ

(B) બાંધકામ કરેલ તૈયાર મકાનની ખરીદી

(C) સરકારી કર્મચારીએ સરકારી સાધનમાંથી લીધેલ લોન કે પેશગીની પરત ચૂકવણી

(D) ઉપરના પૈકીના બધાજ

218. મુંબઈ તિજોરી નિયમોના કયા નિયમની જોગવાઈઓને આધિન રહીને, કચેરીના વડા તેમના હાથ નીચે કામ કરતા રાજ્યપત્રિત અધિકારીને તેઓ પોતે નિયત કરે તે નિયંત્રણો અને મર્યાદાઓને આધિન રહીને તેમના વતી આકસ્મિક અને પરચૂરણ ખર્ચ કરવાની સત્તા આપી શકશે ?

(A) 154 (B) 155

(C) 156 (D) 157

219. સંબંધિત વહીવટી વિભાગને ચોરી, કપટ, ઉચાપત કે બેદરકારી સિવાયનાં કારણોસર માલસામાનનાં નુકશાનના કિસ્સામાં કેટલી રકમનું નુકશાન માંડવાળ કરવાની સત્તા છે ?

(A) રૂપિયા 20,000/- સુધી (B) રૂપિયા 60,000/- સુધી

(C) રૂપિયા 1,00,000/- સુધી (D) રૂપિયા 2,00,000/- સુધી

220. નીચેનામાંથી કઈ પેશગી ખાતાના વડા દ્વારા મંજૂર કરવામાં આવે છે ?

1. મકાન બાંધકામ પેશગી

2. રજા-પગાર પેશગી

3. નોકરી દરમિયાન મૃત્યુ પામતા સરકારી કર્મચારીના કુટુંબને તાત્કાલિક રાહત

4. મોટર કાર પેશગી

(A) (1) (B) (1) અને (4)

(C) (1), (3) અને (4) (D) (1), (2) અને (4)

221. પોતાના નિયંત્રણ હેઠળના સરકારી કર્મચારીઓ પાસે મેળવવાની જામીનગીરીની રકમ નક્કી કરવાની સંપૂર્ણ સત્તા નીચેનામાંથી કોને છે ?

(A) ખાતાના વડા (B) પ્રાદેશિક વડા

(C) કલેક્ટર (D) ઉપરના ત્રણેયને

222. ગુજરાત નાણાકીય સત્તા સોંપણી નિયમો, 1998 રાજ્ય સરકારના કયા ઠરાવથી અમલમાં છે ?

(A) નાણા વિભાગના તા. 6-6-1998 ના ઠરાવ (B) નાણા વિભાગના તા. 1-4-1998 ના ઠરાવ

(C) નાણા વિભાગના તા. 1-1-1998 ના ઠરાવ (D) નાણા વિભાગના તા. 1-6-1998 ના ઠરાવ

223. ગાંધીનગર અને અમદાવાદ ખાતેની કચેરીઓમાં ટેલિફોન જોડાણ આપવાની સત્તા કોને છે ?

(A) સંબંધિત કલેક્ટરને (B) સામાન્ય વહીવટ વિભાગને

(C) સંબંધિત વહીવટી વિભાગને (D) સંબંધિત વિભાગના મંત્રીને

224. નીચે જણાવેલ કયા કિસ્સાઓમાં પગાર અથવા પગારવધારાનો ખર્ચ આકસ્મિક ખર્ચના સદરે પાડી શકાય છે ?

1. મુલકી ખાતામાં રોકવામાં આવેલ મજૂરોનો ખર્ચ

2. મુલકી સેવામાં રોકેલ સફાઈ કામદારોનો ખર્ચ

3. બિન પેન્શનપાત્ર હોય તેવા વર્ગ-4ના કર્મચારીઓનું ખર્ચ

4. સર્વે અને સેટલમેન્ટ ખાતામાં ફિલ્ડ પર રોકેલ હંગામી કર્મચારીનો ખર્ચ

(A) (1) અને (1) (B) (1), (2) અને (3)

(C) (1), (2) અને (4) (D) (1) થી (4) બધાં

225. પૂરવઠો અને સેવાઓ શું છે ?

(A) નાણાકીય ખર્ચ
(B) જરૂરી ખર્ચ
(C) આકસ્મિક ખર્ચ
(D) નિયમીત ખર્ચ

226. કોઈપણ પ્રકારનાં પગાર કે પગાર વધારાને આકસ્મિક ખર્ચ તરીકે ગણી શકાય નહીં તેના અપવાદો કયાં છે ?

(A) ગરમીની મોસમ અંગેનો કર્મચારી વર્ગ
(B) મુલકી ખાતામાં મજૂરી પર રોજિંદા કે માસિક વેતનથી રોકવામાં આવેલા મજૂરો
(C) મોજણી અને જમાબંધીના ક્ષેત્રકાર્ય અંગે હંગામી કર્મચારીવર્ગ
(D) ઉપરનાં પૈકી બધાંજ

227. ગુજરાત રાજ્ય વન વિકાસ લિમિટેડ (વનીલ ઉદ્યોગ) દ્વારા ઉત્પાદન કરવામાં આવતી ચીજવસ્તુઓની ખરીદી ભાવપત્રક મેળવ્યા સિવાય, કેટલા રૂપિયાની મર્યાદામાં કરી શકાશે ?

(A) રૂપિયા એક લાખની મર્યાદામાં
(B) રૂપિયા પાંચ લાખની મર્યાદામાં
(C) રૂપિયા બે લાખની મર્યાદામાં
(D) રૂપિયા ચાર લાખની મર્યાદામાં

228. ભારત સરકારના DGS&D ના ભાવ કરાર હેઠળ, ખરીદ સમિતિઓની મંજૂરી સિવાય કેટલા રૂપિયાની મર્યાદામાં સીધી ખરીદી થઈ શકશે ?

(A) રૂપિયા બે લાખ
(B) રૂપિયા ત્રણ લાખ
(C) રૂપિયા પાંચ લાખ
(D) રૂપિયા દસ લાખ

229. ખાતાના વડાની કચેરીઓ દ્વારા, સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર હેઠળ કેટલી રકમ સુધીની સીધી ખરીદી કરશે ?

(A) રૂપિયા એક લાખ સુધીની
(B) એક લાખથી પચાસ લાખ સુધીની
(C) એક લાખથી સિત્તેર લાખ સુધીની
(D) એક લાખથી એક કરોડ સુધીની

230. Government e-Marketplace (GeM) ઉપર સામાન્ય ખરીદી કરવા માટે જિલ્લા કક્ષાની ખરીદ સમિતિને ખરીદીની મંજૂરી અંગેની નાણાકીય સત્તા નીચેનામાંથી કઈ છે ?

(A) રૂપિયા 25,000 થી વધુ અને રૂપિયા 3 લાખ સુધી
(B) રૂપિયા 25,000 થી વધુ અને રૂપિયા 5 લાખ સુધી
(C) રૂપિયા 25,000 થી વધુ અને રૂપિયા 10 લાખ સુધી
(D) રૂપિયા 25,000 થી વધુ અને રૂપિયા 15 લાખ સુધી

231. ગુજરાત રાજ્ય ખરીદનીતિ, 2016 મુજબ રૂપિયા એક કરોડથી વધુ અને પાંચ કરોડ સુધીની ખરીદીની મંજૂરીની સત્તા કોને આપવામાં આવેલ છે ?

(A) વહીવટી વિભાગને
(B) ખાતાના વડાને
(C) કચેરીના વડાને
(D) સેક્રેટરીઝ પરચેઈઝ કમિટી

232. જાહેર કરેલી સેવાઓ પૂરી પાડવામાં આવી ન હોય અથવા ઠરાવેલી સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવી ન હોય તેવા કિસ્સામાં નારાજ થયેલ નાગરિકે ફરિયાદ નિવારણ અધિકારીને લેખિત ફરિયાદ કઈ રીતે રજૂ કરવી જોઈએ ?

(A) હાથોહાથ
(B) ફેક્સથી
(C) પોસ્ટ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ મારફત
(D) ઉપરના ત્રણેય

233. મુકરર સત્તાધિકારના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિએ કેટલા દિવસની અંદર રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ કરવાની હોય છે ?

(A) 30
(B) 45
(C) 60
(D) 90

234. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013 હેઠળ "જાહેર સત્તામંડળ"માં સમાવેશ થાય છે.

1. રાજ્ય સરકારની માલિકીની સંસ્થા

2. રાજ્ય સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી એક બિન-સરકારી સંસ્થા

3. ગુજરાત રાજ્ય દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી એક આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થા

4. ગુજરાત રાજ્યમાં કાર્યરત કોર્પોરેટ કંપનીનું ખાનગી ટ્રસ્ટ

(A) (1), (2) અને (3)
(B) (1), (2) અને (4)
(C) (1) અને (2)
(D) માત્ર (1)

235. ફરિયાદ નિવારણ અધિકારીએ ફરિયાદી અને/અથવા યથા પ્રસંગ, મુકરર અધિકારીને ઓછામાં ઓછા કેટલા દિવસ અગાઉ સુનાવણીની તારીખની જાણ કરવી જોઈશે ?

(A) દસ
(B) સાત
(C) પંદર
(D) એકવીસ

236. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, 2013નું કયું પ્રકરણ "શિક્ષા અને વળતર"ની જોગવાઈને સંબંધિત છે ?

(A) પ્રકરણ-4
(B) પ્રકરણ-7
(C) પ્રકરણ-9
(D) પ્રકરણ-12

237. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ કોઈ માહિતી મેળવવા માંગતા નાગરિકે, કઈ ભાષામાં લેખિત અરજી કરવી જોઈએ ?

(A) અંગ્રેજી

(B) હિન્દી

(C) જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજ ભાષામાં

(D) ઉપરના ત્રણ પૈકી કોઈપણ ભાષામાં

238. માહિતીનો અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ

1. લેખિતમાં અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ મારફતે વિનંતી કરવી જોઈશે..

2. માંગેલ માહિતીની વિગતો નિર્દિષ્ટ કરવી જોઈશે.

3. માહિતી માંગવાના કારણો નિર્દિષ્ટ કરવા જોઈશે.

4. માહિતી મેળવવા માટેની ફી ચૂકવવાની રહેશે.

(A) (1), (2) અને (3)
(B) (1), (2) અને (4)
(C) (2) અને (3)
(D) (1), (2), (3) અને (4)

239. રાષ્ટ્રપતિ નીચેનામાંથી કયા સભ્યોની બનેલી સમિતિની ભલામણ પરથી કેન્દ્રિય માહિતી પંચમાં માહિતી કમિશ્નરોની નિમણૂંક કરે છે ?

1. પ્રધાનમંત્રી

2. રાજ્યસભાના વિરોધપક્ષના નેતા

3. લોકસભાના વિરોધપક્ષના નેતા

4. પ્રધાનમંત્રીએ નામ નિયુક્ત કરેલા કેન્દ્રિય કેબિનેટ મંત્રી

(A) (1), (3) અને (4)
(B) (1), (2) અને (3)
(C) (2), (3) અને (4)
(D) (1), (2), (3) અને (4)

240. માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળ કરેલી અરજી એક સત્તામંડળને બદલે બીજા સત્તામંડળને કરી હોય તો –

(A) બીજા સત્તામંડળ પાસેથી માહિતી મેળવી અરજદારને પૂરી પાડવાની હોય છે.

(B) આવી અરજી રદ થવા પાત્ર છે.

(C) સંબંધિત સત્તામંડળને તે અરજી કે તેનો અંશ મોકલી અરજદારને જણાવવાનું રહેશે.

(D) અરજદારને અરજી પરત કરવી.

241. માહિતી અધિકાર અધિનિયમ, 2005ની કઈ કલમની જોગવાઈ મુજબ માહિતી ન આપવાની થતી હોય તો તે નકારવાના કારણો આપવાના રહેશે ?

(A) કલમ-7 (B) કલમ-8

(C) કલમ-9 (D) (B) અને (C) બંને

242. કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી પાસે માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપોના સંબંધમાં માંગેલ માહિતી –

(A) કેન્દ્રિય માહિતી પંચની મંજૂરી પછી જ પૂરી પાડવી જોઈશે.

(B) વિનંતી મળ્યાની તારીખથી પિસ્તાળીસ દિવસની અંદર પૂરી પાડવી જોઈશે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંનેમાંથી એકેય નહીં

243. "જાહેર વહીવટ એ કાયદાનો વ્યવસ્થિત અને વિગતવાર અમલ છે" તે વ્યાખ્યા નીચેના પૈકી કોણે આપી હતી ?

(A) વુડ્રો વિલસન (B) જ્હોન એ. વિએગ

(C) હાર્વે વોકર (D) કાર્લ માર્કસ

244. ........... ના આધારે જાહેર વહીવટ ખાનગી વહીવટથી અલગ છે.

(A) રાજકીય દિશા (B) સેવાનો હેતુ

(C) જાહેર જવાબદારી (D) ઉપરના બધાં

245. જાહેર વહીવટમાં સામાજિક પ્રતિષ્ઠા ખાનગી વહીવટ કરતાં શા માટે વધારે છે ?

(A) એકાધિકાર (B) બાહ્ય નાણાકીય નિયંત્રણ

(C) લોકોની સેવા કરવાની મોટી તક (D) ઉપરના બધાં

246. નીચેનામાંથી કયું વિધાન/વિધાનો સાચું/સાચાં છે ?

(A) ખાનગી વહીવટની જેમ જાહેર વહીવટ નફાલક્ષી નથી હોતું.

(B) જાહેર વહીવટની બાબતમાં કરવેરા દ્વારા ફક્ત આવી રકમ એકત્ર કરવામાં આવે છે જે સેવા પ્રદાન કરવા માટે જરૂરી છે.

(C) સાર્વજનિક વહીવટથી વિપરીત, ખાનગી વહીવટ એ ગંભીર કટોકટી સિવાય રાજકીય દિશા નિર્દેશને આધિન નથી.

(D) ઉપરના બધાં

247. નીચેનામાંથી કયું જાહેર વહીવટનું કાર્ય નથી ?

(A) વિદેશનીતિની સમસ્યાઓ હલ કરવી.

(B) ખાનગી કંપનીઓ અને મજૂર સંગઠનો વચ્ચેના વિવાદોનું સમાધાન લાવવું.

(C) જાહેર નીતિઓના અમલમાં લોકોનો સહયોગ મેળવવો.

(D) જાહેર આરોગ્ય કાર્યક્રમો બનાવવા.

248. જાહેર વહીવટના તત્ત્વો શું છે ?

(A) સંગઠન (B) કર્મચારીઓનું સંચાલન

(C) સામગ્રી અને પુરવઠો (D) ઉપરના ત્રણેય

249. જાહેર વહીવટ એ સરકારનું ......... અમલદારશાહી તંત્ર છે.

(A) રાજકીય
(B) અર્ધ-રાજકીય
(C) બિન રાજકીય
(D) ઉપર પૈકી એક પણ નહીં

250. લોકાભિમુખ વહીવટ માટેની સુધારણા માટે ગુજરાત સરકાર દ્વારા શ્રી જસવંત મહેતાના અધ્યક્ષપણા હેઠળ કયા વર્ષમાં સમિતિની રચના કરવામાં આવેલ હતી ?

(A) 1985
(B) 1986
(C) 1987
(D) 1988

251. જાહેર વહીવટને એક સ્વતંત્ર શાસ્ત્ર તરીકે વિકસાવવાનું શ્રેય કોને ફાળે જાય છે ?

(A) અમેરિકા
(B) ફ્રાન્સ
(C) બ્રિટન
(D) રશિયા

252. જાહેર વહીવટમાં 'જાહેર' શબ્દનો અર્થ અભિપ્રેત છે –

(A) લોકો
(B) સમુદાય
(C) સરકાર
(D) વ્યક્તિ

253. પારદર્શી સરકાર એટલે જ્યાં –

(A) સરકારની મિટીંગ પ્રેસ અને જનતા માટે ખુલ્લી હોય.
(B) કાયદા અને નિર્ણયો ચર્ચા માટે ખુલ્લા હોય.
(C) બજેટની સમીક્ષા કોઈપણ કરી શકે છે.
(D) ઉપરોક્ત તમામ

254. "લોકોની સરકારના નિર્ણયો લેવા અને અમલીકરણમાં ભાગીદારીની વિશાળ શક્ય તકો હોવી આવશ્યક છે." નીચેનામાંથી કઈ પધ્ધતિ આ દલીલને સમર્થ આપે છે ?

(A) સર્વાધિકારી
(B) રાજાશાહી
(C) લોકશાહી
(D) આપખુદ

255. જાહેર વહીવટના અર્થના સંબંધમાં નીચેનાનો વિચાર કરો અને સાચા જવાબ પસંદ કરો.

1. તે વિશિષ્ટ સમાજનો સામનો કરતી સમસ્યાઓના સંદર્ભ આધારિત પ્રતિસાદ છે.
2. તે એક હેતુલક્ષી અભ્યાસ છે.
3. તે એક અભ્યાસ સંચાલિત પ્રયાસ છે.
4. તે સાર્વજનિક અને ખાનગી પ્રવૃત્તિઓનું સર્જનાત્મક મિશ્રણ છે.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2, 3 અને 4

256. નીચેનામાંથી કયા પાસા જાહેર વહીવટને તે ખાનગી વહીવટથી અલગ પાડે છે ?

1. બાહ્ય નાણાકીય નિયંત્રણ
2. મહત્તમ વળતર સાથે નફાનો હેતુ
3. રાજકીય સૂચના અથવા મંત્રીની જવાબદારી
4. વર્તનમાં એકરૂપતા

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 1, 2, 3 અને 4

257. નીચેનામાંથી કોણે POSDCORB - પ્લાનીંગ, ઓર્ગેનાઈઝીંગ, સ્ટાફીંગ, ડાયરેકટીંગ, કોઓર્ડીનેટીંગ, રિપોર્ટીંગ એન્ડ બજેટીંગ શબ્દ બનાવ્યો ?

(A) લ્યુથર અને ગુલિક
(B) વિલ્સન એન્ડ ચાર્લ્સ બિયર્ડ
(C) રૉબર્ટ દહલ
(D) પિટર ડ્રુકર

258. જાહેર વહીવટની મુખ્ય પૈકી એક રક્ષણાત્મક અને નિયમનકારી પ્રવૃત્તિઓ છે. આમાંથી કયા રક્ષણાત્મક અને નિયમનકારી પ્રવૃત્તિઓના ઉદાહણો છે ?

1. ખેડૂતોને સહાય પૂરી પાડવી.
2. કુદરતી સંસાધનોનું સંરક્ષણ
3. પોલીસ અને સંરક્ષણ દળોની જાળવણી
4. નાણાપંચ

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

259. ભાગાદારી સૂચવે છે -

1. શાસનમાં લોકોના અવાજને સશક્ત બનાવવું.
2. રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓની સ્વાયત્તતાને મર્યાદિત કરવી.
3. સ્વસહાય જૂથો દ્વારા વધુ સારી વિતરણ પધ્ધતિ દાખલ કરવી.
4. બિનસરકારી સંસ્થાઓની વધુ ભાગીદારી.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 1, 2, 3 અને 4

260. જવાબદારીના પ્રકારો અને તેમના અપેક્ષિત વર્તનના સંદર્ભમાં, નીચેનામાંથી કયું એક યોગ્ય રીતે મેળ ખાતું નથી ?

(A) કાનૂની : કાયદા નિયમો વગેરેના આદેશનું પાલન.
(B) સોપાનિક : સંસ્થાકીય નિર્દેશોનું આજ્ઞાપાલન.
(C) વ્યવસાયિક : વ્યક્તિગત નિર્ણય અને કુશળતા માટે આદર.
(D) રાજકીય : પોતાના હિત માટે પ્રતિભાવ આપવા.

261. નીચેની તાલીમ અને તેમની પધ્ધતિઓ સાથે ગોઠવણી કરો.

| તાલીમ | પધ્ધતિ |
|---|---|
| (ક) અનુભવ દ્વારા તાલીમ | 1. વરિષ્ઠ અધિકારીની અધ્યક્ષતામાં તાલીમાર્થીઓ દ્વારા પસંદગીની સમસ્યાઓ પર ચર્ચા |
| (ખ) ઔપચારિક સૂચના દ્વારા તાલીમ | 2. નવા પ્રવેશકોને તેમની નોકરીમાં મૂકવા અને તેમના કાર્યથી શીખવા માટે છોડી દેવું |
| (ગ) સંવાદ અને માહિતી દ્વારા તાલીમ | 3. ચોક્કસ અભ્યાસક્રમ ઉપર વરિષ્ઠ અધિકારી અને બહારના નિષ્ણાતો દ્વારા વ્યક્તિગત વ્યાખ્યાન |
| (ઘ) પરિષદ દ્વારા તાલીમ | 4. ઓફિસ બુલેટિન, નિયમ-પુસ્તકો, સૂચનાઓનો સેટ વગેરે દ્વારા માહિતી પ્રદાન કરવી. |

(A) (ક) - 3, (ખ) - 1, (ગ) - 4, (ઘ) - 2
(B) (ક) - 2, (ખ) - 3, (ગ) - 4, (ઘ) - 1
(C) (ક) - 4, (ખ) - 2, (ગ) - 1, (ઘ) - 3
(D) (ક) - 2, (ખ) - 4, (ગ) - 3, (ઘ) - 1

262. દિલ્હી આઈ.એ.એસ. સ્કૂલ અને સિમલાની આઈ.એ.એસ. સ્ટાફ કૉલેજને 1959 ના વર્ષમાં નીચેની કઈ સંસ્થા સ્થાપિત કરવા માટે સમ્મિલીત કરવામાં આવેલ ?

(A) ઈન્સ્ટીટ્યૂટ ઑફ સેક્રેટરીયલ ટ્રેનીંગ એન્ડ મેનેજમેન્ટ, ન્યૂ દિલ્હી

(B) એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ કૉલેજ ઑફ ઈન્ડિયા, હૈદ્રાબાદ

(C) નેશનલ એકેડેમી ઑફ એડમીનીસ્ટ્રેશન, મસૂરી

(D) સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, ચેન્નાઈ

263. નીચેનામાંથી કઈ બાબતનો ભારતના મુલકી કર્મચારીઓને તાલીમ આપવા અંગેના બીજા વહીવટી સુધારણા પંચની ભલામણમાં સમાવેશ થયેલ નથી ?

(A) રાષ્ટ્રીય તાલીમ નીતિના અમલીકરણની દેખરેખ રાખવા માટે એક નિરીક્ષણ પદ્ધતિ ગોઠવવી જોઈએ.

(B) સમગ્ર ભારતમાં જિલ્લા કક્ષા સુધી રાજ્યપત્રિત અધિકારી માટે તાલીમ સંસ્થાનું વિકેન્દ્રિકરણ થવું જોઈએ.

(C) જાહેર સેવકોને પ્રતિષ્ઠિત સામયિકો માટે લખાણ લખવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

(D) સુશાસન માટે રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના થઈ શકે છે.

264. કર્મચારીઓ માટે કયા પ્રકારની તાલીમનું કાળજીપૂર્વક પૂર્વઆયોજીત રીતે અને નિષ્ણાંતોના માર્ગદર્શન અને સહાયથી હાથ ધરવામાં આવે છે ?

(A) ઔપચારિક તાલીમ | (B) કૌશલ્ય તાલીમ

(C) અનૌપચારિક તાલીમ | (D) કેન્દ્રિય તાલીમ

265. ઓરિએન્ટેશન તાલીમનો હેતુ નિયુક્ત વ્યક્તિને પરિચય કરાવવાનો છે.

(A) તેની નોકરીનો મૂળભૂત ખ્યાલ | (B) સંગઠન

(C) નવું કાર્ય વાતાવરણ | (D) ઉપરોક્ત તમામ

266. વધુ કુશળતાની માંગ, સભાન તાલીમની આવશ્યકતા આ સમયગાળાથી વધુ પ્રગટ થઈ :

(A) પ્રાગૈતિહાસિક સમય | (B) પ્રાચીન સમયગાળો

(C) ઔદ્યોગિક ક્રાંતિ | (D) કૃત્રિમ બુદ્ધિ ક્રાંતિ

267. તાલીમ સામાન્ય રીતે સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરે છે :

(A) વ્યવહારૂ કુશળતા | (B) આંતરવ્યક્તિત્વ કુશળતા

(C) નિર્ણય કરવાની કુશળતા | (D) ઉપરોક્ત ત્રણેયનું સંયોજન

268. ગુજરાત તકેદારી આયોગની રચના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1964 | (B) 1966

(C) 1965 | (D) 1970

269. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. વડાપ્રધાન જ્યારે પદ પર હોય છે, ત્યારે લોકપાલ તેઓના ભ્રષ્ટાચારની તપાસ કરી શકે છે.

2. લોકપાલ પાસે ભ્રષ્ટ જાહેર સેવકની સંપત્તિ જપ્ત કરવાની કોઈ સત્તા નથી.

(A) ફક્ત (1) | (B) ફક્ત (2)

(C) (1) અને (2) બંને | (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

270. રાજ્ય સરકારના તમામ વર્ગ-1 અને વર્ગ-2ની સરકારી અધિકારીઓને દર બે વર્ષે લેવાની થતી ફરજિયાત તાલીમ નીચેના કયા સ્થળે લેવાની હોય છે ?

1. સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ
2. જે તે અધિકારીના કાર્યક્ષેત્રની સંબંધિત સંસ્થાઓ
3. દેશમાં આવેલ ટોચની તાલીમ સંસ્થાઓ
4. વિદેશમાં આવેલ ટોચની તાલીમ સંસ્થાઓ

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

271. ગુજરાત લોકાયુક્ત આયોગમાં લોકાયુક્તના હોદ્દાની મુદત કેટલી હોય છે ?

(A) હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષ અને 70 વર્ષની ઉંમર થાય, તે બે પૈકી જે વહેલું હોય.
(B) હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષ અને 72 વર્ષની ઉંમર થાય, તે બે પૈકી જે વહેલું હોય.
(C) હોદ્દો ધારણ કરે તે તારીખથી ચાર વર્ષ અને 72 વર્ષની ઉંમર થાય, તે બે પૈકી જે વહેલું હોય.
(D) હોદ્દો ધારણ કરે તે તારીખથી ચાર વર્ષ અને 70 વર્ષની ઉંમર થાય, તે બે પૈકી જે વહેલું હોય.

272. ગુજરાત લોકાયુક્ત આયોગના રિપોર્ટ હેઠળ શરૂ કરાયેલી દરેક ખાતાકીય કાર્યવાહી, એકરારના સ્વીકાર અથવા સ્વીકાર કર્યાનું ગણાવાની તારીખથી કેટલા સમયમાં પૂરી કરવી જોઈએ ?

(A) બાર મહિનામાં
(B) નવ મહિનામાં
(C) છ મહિનામાં
(D) ચાર મહિનામાં

273. વહીવટી સુધારણા માટે ગુજરાત સરકાર દ્વારા ગઠિત કરવામાં આવેલ શ્રી જી.સી. બાવેજા સમિતિએ કયા વર્ષમાં અહેવાલ આપેલ હતો અને તેમાં કેટલી ભલામણો હતી ?

(A) માર્ચ, 1986 - 228
(B) એપ્રિલ, 1986 - 228
(C) જૂન, 1987 - 230
(D) જાન્યુઆરી, 1987 - 230

274. લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013 અમલમાં આવ્યો :

(A) તા. 12-10-2012
(B) તા. 26-01-2013
(C) તા. 16-01-2014
(D) તા. 18-08-2015

275. લોકપાલના સભ્ય, અધ્યક્ષ તરીકે નિમણૂક માટે પાત્ર ઠરે છે, પરંતુ તેઓની સભ્ય અને અધ્યક્ષ તરીકેના હોદ્દાની કુલ મુદત .......... વર્ષથી વધુ ન થવી જોઈએ.

(A) પાંચ
(B) છ
(C) સાત
(D) આઠ

276. લોકપાલના બેંચની રચનાના સંદર્ભમાં નીચેનાને વિચારણમાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. અધ્યક્ષને યોગ્ય લાગે તે પ્રમાણે અધ્યક્ષ બે અથવા વધુ સભ્યો સાથે બેંચની રચના કરી શકે છે.
2. સામાન્ય રીતે દરેક બેંચમાં ઓછામાં ઓછા એક ન્યાયિક સભ્ય હોવા જોઈએ.
3. જ્યાં બેંચમાં ન્યાયિક સભ્ય હોય અને બિનન્યાયિક સભ્ય હોય, અધ્યક્ષ ન હોય ત્યાં આવી બેંચની અધ્યક્ષતા વરિષ્ઠ સભ્ય સંભાળશે.
4. લોકપાલની બેંચ માત્ર દિલ્હી ખાતે જ બેસશે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 2, 3 અને 4

277. નીચેનામાંથી વહીવટી સુધારણાના કયા અંગો છે ?

1. કાર્યદક્ષ અને પ્રજ્ઞાવાન કર્મચારી
2. નિર્ણય લેવાની કક્ષાઓ ઘટાડવી
3. સત્તાની સોંપણીનો વિસ્તાર કરવો.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 2 અને 3

278. કેન્દ્ર સરકારના ભ્રષ્ટાચાર વિરોધી પગલાં માટેની જવાબદારી છે :

1. કેન્દ્રિય સતર્કતા આયોગ (CVC)
2. કર્મચારીગણ અને તાલીમ વિભાગમાં વહીવટી તકેદારી પ્રભાગ (AVD)
3. કેન્દ્રિય તપાસ બ્યુરો (CBI)
4. ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 3 અને 4

279. જનસેવા કેન્દ્રમાં આવતા લોકોને નીચેનામાંથી કઈ સુવિધાઓ આપવાની જોગવાઈ છે ?

1. બેસવા-લખવાની
2. પીવાના પાણીની
3. અરજીઓ સ્વીકારવાની
4. અરજદારોને તેના કામકાજ અંગે માર્ગદર્શન પૂરું પાડવાની

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

280. ગુજરાત સરકાર દ્વારા ઈ-ગવર્નન્સ અંતર્ગત શરૂ કરવામાં આવેલ ગુજરાત સ્ટેટ વાઈડ એરીયા નોટવર્ક (GSWAN) ના સંબંધમાં નીચેનામાંથી કયા વિધાન યોગ્ય છે ?

1. તેની શરૂઆત વર્ષ 2001-02માં થઈ હતી.
2. ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે.
3. તે ભારતનું પ્રથમ રાજ્ય વ્યાપક ક્ષેત્ર નેટવર્ક હતું.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1

281. નીચેનામાંની કોને 'સારા શાસન માટેની મુખ્ય ચાવી' તરીકે બીજા વહીવટી સુધારણા પંચ દ્વારા વર્ણવવામાં આવેલ છે ?

(A) ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન આપવું (B) સામાજિક મૂડી - એક વહેંચાયેલું લક્ષ્ય
(C) શાસનમાં આચારસંહિતા (D) માહિતીનો અધિકાર

282. ''એબીલીટ ગુજરાત'' પ્રોગ્રામ નીચેનામાંથી કોને સંબંધિત છે ?

(A) દિવ્યાંગજન માટે
(B) મહિલાઓ અને બાળકો માટે
(C) ગૃહ વિભાગની ગુનાહિત પ્રવૃત્તિઓના દેખરેખ અને નિયંત્રણ માટે
(D) ગુજરાત હોસ્પિટલ મેનેજમેન્ટ સીસ્ટમ

283. પ્રથમ વહીવટી સુધારણા આયોગની ભલામણો અનુસાર :

1. કેન્દ્રીય મંત્રીમંડળમાં પ્રધાનમંત્રી સહિત પ્રધાનોની સંખ્યા 16 હોવી જોઈએ.

2. દરેક વિભાગ/વિષયની રજૂઆત એક કે બીજા કેબિનેટ મંત્રી દ્વારા કેબિનેટમાં થવી જોઈએ.

3. મંત્રીમંડળમાં સંખ્યા સામાન્ય રીતે 40 હોવી જોઈએ. ખાસ સંજોગોમાં તેમાં વધારો થઈ શકે છે, પરંતુ કોઈપણ સંજોગોમાં 45 કરતા વધારે ન હોવી જોઈએ.

4. મંત્રાલયમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં ત્રણથી વધુ પ્રધાનો સામેલ ન હોવા જોઈએ.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 2, 3 અને 4

284. નીચેનામાંથી કયા નાગરિકોને સરકારની નીતિઓથી પોતાને માહિતગાર રાખવા માટે સક્ષમ બનાવે છે અને તેઓએ સરકાર પાસેથી સેવા તરીકે શાની અપેક્ષા રાખવી જોઈએ ?

(A) કાયદાનું શાસન
(B) ન્યાયિક સમીક્ષા
(C) વિરોધ પક્ષો
(D) પારદર્શિતા

285. બીજા વહીવટી સુધારણા આયોગની રચના વર્ષ 2005 માં કરવામાં આવી હતી. જેમાં નીચેનામાંથી સભ્ય તરીકે કોનો સમાવેશ થયેલ ન હતો ?

(A) વી. રામચન્દ્રન
(B) ડૉ. સી. પી. ચંદ્રશેખર
(C) ડૉ. એ. પી. મુખરજી
(D) ડૉ. એ. એચ. કાર્લો

286. બીજા વહીવટી સુધારણા આયોગે ભલામણ કરેલી ફરજોની કામગીરીમાં મંત્રીઓએ બંધારણીય અને નૈતિક ાચરણના ઉચ્ચતમ ધોરણોને કેવી રીતે જાળવવું જોઈએ તે અંગેની નીચેની નૈતિકતાની વિચારણા કરો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. નૈતિકતા અને આચરસંહિતાના નિરીક્ષણ પર નજર રાખવા માટે વડાપ્રધાન અને મુખ્યમંત્રીના કાર્યાલયમાં સમર્પિત એકમો સ્થાપવા જોઈએ.

2. વડાપ્રધાન અથવા મુખ્યપ્રધાન મંત્રીઓ નૈતિક આચરણ અને આચારસંહિતાનું પાલન કરે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે નિરીક્ષણ કરવું જોઈએ.

3. આ કોડસના અવલોકન સંદર્ભે વાર્ષિક અહેવાલ યોગ્ય વિધાનસભામાં રજૂ કરવો જોઈએ.

4. નૈતિકતાની આચારસંહિતા, આચારસંહિતા અને વાર્ષિક અહેવાલને વિધાનસભાની પ્રતિષ્ઠા રાખવા માટે જાહેર ક્ષેત્રમાં મૂકવો જોઈએ નહીં.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2, 3 અને 4

287. શાસનને નાગરિક કેન્દ્રિત બનાવવા ાટેના મૂળ સિધ્ધાંતોના સંબંધમાં નીચેનાનો વિચાર કરો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. કાયદાનું શાસન-શૂન્ય સહિષ્ણુતા વ્યુહરચના.

2. સંસ્થાઓને ગતિશીલ, પ્રતિભાવશીલ અને જવાબદાર બનાવવી.

3. સત્તા અને અધિકાર માટે નાગરિકોની સ્વાભાવિક જવાબદારી

4. પારદર્શિતા

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

288. નીચેના વિધાન વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. પોતાની ભાવનાઓ પર નિયંત્રણ રાખીને વ્યવહારમાં / શાસનમાં ઉદભવતી પરિસ્થિતિમાં વહીવટદાર નિર્ણય લેવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે.

2. સંજ્ઞાનાત્મક બુદ્ધિની સાપેક્ષમાં વહીવટમાં ભાવનાત્મક બુદ્ધિની આવશ્યકતા વધુ ગણી શકાય.

(A) બંને વિધાનો ખોટાં છે.
(B) બંને વિધાનો સાચાં છે.
(C) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(D) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.

289. નીચે આપેલા ધોરણોના સમૂહ તરીકે માનવામાં આવે છે જેને સમાજે પોતાના પર મૂકેલ છે અને જે વર્તન, પસંદગીઓ અને ક્રિયાઓને માર્ગદર્શિત કરવામાં મદદ કરે છે.

(A) કાયદાઓ
(B) શાસન
(C) નીતિશાસ્ત્ર
(D) રાજકારણ

290. નીચેનામાંથી કોણે ગ્રાહકની ફરિયાદોને સમય મર્યાદામાં પહોંચી વળવા નાણાકીય નિવારણ એજન્સીની સ્થાપના કરવાની દરખાસ્ત કરી છે ?

(A) આર્થિક પંચ
(B) 11મી પંચવર્ષીય યોજના દસ્તાવેજ
(C) બીજા વહીવટી સુધારણા પંચ
(D) નાણાકીય ક્ષેત્રના કાયદા સુધારા આયોગ

291. બીજા વહીવટી સુધારા પંચના ચોથા આહેવાલના અભ્યાસ ક્ષેત્રનો ભાગ નીચેનામાંથી કયો છે ?

(A) સ્થાનિક શાસન
(B) જાહેર હુકમ
(C) શાસનમાં આચારસંહિતા
(D) માહિતીનો અધિકાર

292. નીચેનામાંથી કઈ બંધારણીય સંસ્થા નથી ?

(A) આંતર રાજ્ય પરિષદ
(B) નાણા પંચ
(C) સંઘ લોક સેવા આયોગ
(D) રાષ્ટ્રીય વિકાસ પરિષદ

293. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં નીચેનાનો સમાવેશ થાય છે.

1. એક અધ્યક્ષ, જેઓ સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે રહી ચૂકેલ હોય.

2. બે સભ્યો, જેઓ સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકેલ હોય.

3. એક સભ્ય, જેઓ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ હોય અથવા રહી ચૂકેલ હોય.

4. માનવાધિકારને લગતી બાબતોમાં જાણકાર અથવા વ્યવહાર અનુભવ ધરાવતા બે સભ્યોની નિમણૂંક કરવામાં આવશે.

(A) (1), (2) અને (4)
(B) (1), (3) અને (4)
(C) (1) અને (4)
(D) (1), (2), (3) અને (4)

294. નીચેમાંની કઈ સંસ્થા વૈધાનિક સંસ્થા નથી ?

(A) નેશનલ લો કમિશન
(B) નેશનલ કમિશન ફોર વિમેન
(C) આર્મ્ડ ફોર્સીઝ ટ્રિબ્યુનલ
(D) સેબી (SEBI)

295. ભારત સરકાર દ્વારા નીચેના પૈકી સૌ પહેલી કઈ નિયમનકારી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ
(B) નાબાર્ડ
(C) આર.બી.આઈ.
(D) ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા

296. નીચેની નિયમનકારી સંસ્થાઓને તેમના મુખ્ય મથક સાથે મેળ કરો.

| નિયમનકારી સંસ્થા | મુખ્ય મથક |
|---|---|
| a. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા | 1. લખનૌ |
| b. સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા | 2. મુંબઈ |
| c. ઈનસોલવન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા | 3. હૈદરાબાદ |
| d. સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા | 4. ન્યુ દિલ્હી |

(A) a - 4, b - 3, c - 1, d - 2
(B) a - 3, b - 1, c - 4, d - 2
(C) a - 2, b - 4, c - 3, d - 1
(D) a - 3, b - 1, c - 2, d - 4

297. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ પાસે દેશના જુદા-જુદા ભાગોમાં ફેલાયેલી છ બેંચ છે. પશ્ચિમ ઝોન બેંચ ક્યાં સ્થિત છે ?

(A) પુના
(B) મુંબઈ
(C) જામનગર
(D) અમદાવાદ

298. નીચેના વિધાન/વિધાનો પૈકી કયું સાચું/સાચાં છે ?

1. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની સ્થાપના વર્ષ 2004માં કરવામાં આવેલ છે.
2. તે રાયસણ ખાતે આવેલી છે.

(A) વિધાન (1) સાચું અને (2) ખોટું છે.
(B) વિધાન (1) ખોટું અને (2) સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

299. મહિલાઓ માટેના રાષ્ટ્રીય આયોગમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(A) એક અધ્યક્ષ અને પાંચ સભ્યો, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના ઓછામાં ઓછા એક સભ્ય
(B) એક અધ્યક્ષ અને પાંચ સભ્યો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતિઓમાંથી દરેકના ઓછામાં ઓછા એક સભ્ય
(C) એક અધ્યક્ષ અને પાંચ સભ્યો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઓછામાં ઓછા એક-એક સભ્ય
(D) એક અધ્યક્ષ અને છ સભ્યો અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓમાં ઓછામાં ઓછા દરેકના એક સભ્ય

300. ઘા અથવા ઈજા પેન્શન અંગેના નિયમો કયા સરકારી કર્મચારીને લાગુ પડે છે ?

(A) હંગામી ધોરણે નીમવામાં આવેલ
(B) કાયમી ધોરણે નીમવામાં આવેલ
(C) કેવળ, પ્રસંગોપાત નિશ્ચિત પગારે અથવા ઉચક દરથી નીમવામાં આવેલ
(D) ઉપરના તમામ